શ્રી રામકૃષ્ણ વચે ભૂરા	વસંત જોશી	૧૪૭

વાર્તા

પાપ અને પુણ્ય	'સત્યમ'	૧૪૩
નરભક્ષી ભિખ્યા !	હરિનારાયણ આચાર્ય	૧૪૮

લેખો

કમળના પ્રતિમદિરા (૩)–કથાદોટ	ગજાનિદ્રા મા શાસ્ત્રી	૧૪૧
પૅન્સિન	આનન્દશંકર વિદ્યાસ	૧૫૧

વિભાગો

સામયિક ચિંતન (આવણની પ્રતિજ્ઞા)	સ્વામી આનંદ	૧૩૮
એક કપચોની પુસ્તક		૧૩૯
પૃથ્વી પર છવન કેમ પાકર્યું–૩ (ચિત્રજ્ઞાન)		૧૪૦
Our Friends Abroad–પરદેશી મિત્રોના પત્રો		૧૫૩
પત્રતંત્રની વાર્તાઓ	દેસાઇ વાલજી નાવિન્દજી	૧૫૬
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ	બી બી. કનીજિયા	૧૫૧
સમાચારનાં ગદેગ (૪૩–ચેકિસ્ટન)		૧૫૬
માધુકરી		૧૫૬
આ માસ (જૂન) ના નિદાત્રમાં		૧૫૬
ચિમ્મત વિજ્ઞાન		૧૫૬
ઉલ્લુ પાનુ		૧૫૦

મુદ્રક પ્રબુભાઈ શાવન પ્રકાશક : જેમિશંકર અદાશકર રાવળ, કુમાર બિલ્ડિંગ, કુમાર કાર્યાલય ૨૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક ૩૦ ૬, છમાસિક ૨૬ રૂપિ, પુસ્તક સમ્પાદન અને પ્રકાશન સમ્બન્ધમાં આવવાનું સ્થળ મુખ્યત્વે આર આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ. અથવા રાવળ અપર્ણ બિલ્ડિંગ્સ સ્ટ્રીટ, બદોરામાં પુસ્તકાલય સમ્બન્ધ મેનેજિંગ તથા નૂતન ફેરો સ્ટ્રીટિયા, રાયપુર કલાભાઈ એન્ડ કે મેપાડી, ૪૪ અમરાપુર સ્ટ્રીટ.

જાહેર ખબરના રોલ ઍજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, ઍન્ટ-સિટિગ, મેટ્રોપ સ્ટ્રીટ, મુમ્બાઈ-૧, અમારાત્રમાં જે પુસ્પવાત્ર કરીએ, આનંદનગર.

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે



સાચી સાંકળ

ઝંડુ

બ્રાહ્મ્યાદિવટી



હિસ્ટીરિયામાં
ઘેલછામાં
મગજની અવ્યવસ્થામાં તેમજ
મગજની નબળાઈમાં અકસીર દવા

અચૂક વાપરો!

અમારો સિંહછાપ (લાયન બ્રાન્ડ) બુટચોલીસ વાપરો.

કારખાનું: **ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ લિ.** દુકાન નં. ૧૧ મી મહાજનવાડી મુંબઈ-૨


નોંધ: અમદાવાદના એજન્ટ - મેસર્સ ભોગીલાલ બ્રધર્સ - ગાંધીરોડ

જાહેરાતો વાંચતી વખતે, તહેરખબર 'મુંબઈ'માં વાંચી હતી એટલું જણાવશો

જીવનની નવ ભાવનાઓ અને નવ
આદર્શોની ફોરમ પાથરતાં પ્રકાશ
ચિત્રો જોવાનું નક્કી કરો
કૌમાર્યનાં તેજ અને તાજગી
વધારે તેવાં સ્વચ્છ ચિત્રો
આપનાર સંસ્થા તરીકે

પ્રકાશ

નું નામ દેશભરમાં
ખ્યાતિ પામ્યું છે.



પ્રકાશ
એટલે
કલા
સંસ્કાર
અને
મનોરંજનનો
વિજયધ્વજ



પૂર્ણિમા
નરસી
ભગત
ભરત
મિલાપ
જેવાં
સફળ
ચિત્રો
પ્રકાશનાં
મશહૂર
સર્જનોછે

પનઘટ

કુવો
કવિ
અને
પનિહારીની
કથા

રામાયણ યુગનો વેધક ચિતાર રજુ કરતું પ્રકાશનું
અનુપમ **રામરાજ્ય** ચિત્રરત્ન

દિગ્દર્શક - વિજય ભટ્ટ
કલાનિર્દેશક - ઠક્કુ દેસાઈ

તા. ૨૦-૮-૪૩થી
મોડલમાં રજુ થાય છે.

રજૂ આ ત ની વા ટ જૂ ઓ એ વ ર શ્રી ન રી લી અ

અરવિંદ અને જ્યુપીટર

તેમજ અમદાવાદ તથા મુંબઈની બીજી પ્રખ્યાત મીલોનું

છેલ્લામાં છેલ્લી ડીઝાઈનોનું

આકર્ષક

આખું તેમજ નુંકસાની

કાપડ

ખાસ ઘટાડેલા ભાવથી મળશે

કાપડની જાતો

લૉંગ ક્લોથ
મલમલ
ફોરિયા
છીટ
લીનો
ફેન્સ્રીક
પોપલીન
ટ્વીલ
ટુવાલ
નેપકીન્સ

છેલ્લામાં છેલ્લી
બોમ્બે
પ્રિન્ટેડ
સાડીઓ

આકર્ષક અને મનપસંદ ડીઝાઈનની
સાડીઓ
ધોતી
સર્ટીંગ

દિનેશભાઈ લાલભાઈ

દિનેશ સ્ટોર્સ

સર ચીનુભાઈ બિલ્ડિંગ રેવડી બજાર • અમદાવાદ

ટે. નં. ૩૩૩૫

ઉપર ડાબી બાજુથી જમણી બાજુ (૧) ઉપરના ચિત્રમાં



ઉમા-મહેશ (સિલ્પી : શ્રીધર ગદાધર) અર્ધનિમીલિત નેત્રો, જટા-કલાપની અને બાજુમાં લેતી અર્ધની વિવર્તિની લીલાની વચ્ચે પુરુષ-પ્રકૃતિની ભેદાતીત ઉમા-મહેશનું સ્નેહ ચિત્રમય સાયુજ્ય

· તાહરે ચરણ

· મૂલણા ·

તાહરે ચરણ આ ઉચ્છલી આવિયું
જગત ક્ષારાબ્ધિશી એક બિન્દુ,
ક્ષાર તેનો હરી, ધાર તુજ ક્ષીરમાં,
અમૃતના અતલ ચૈતન્યસિન્ધુ!

તાહરે ચરણ, જગઝાડીના ઝુંડથી
કંટકિત આવિયો એક ગુંજ,
કાંટ તેની હરી, ધાર તુજ હૃદય પર,
અજિત સૌન્દર્યના દિવ્ય પુંજ!

તાહરે ચરણ ઘનપ્રકૃતિ ધર્ણ થકી
ઝળગતો એક આવ્યો સ્ફુલિંગ,
ક્ષણિકતા તેની હરી, ધાર તવ મુકુટ પર,
શાશ્વતાં તેજના ભવ્ય શૃંગ!

સુન્દરમ્

પરોઢ

· સ્રગ્ધરા ·

વીણીને ભ્યોમમાંથી હલમલ કરતા તારલા મત્સ્ય જેવા,
માછીકન્યા સમી ઓ! તરલ ડગ ભરી યામિની જાય ચાલી.
ધીરે ધીરે ઉપાડે તિમિરજવનિકા કોક અદૃષ્ટ હસ્તો,
લીલા પદ્માકરાભૂની અવનવ પ્રગટે તેજઅંધારગૂંથી;
પ્રાચીને પુણ્ય કયારે કિરણકશરના કેવડા રમ્ય ફૂટે,
સૂતું ઉત્થાન પાચે સચર અચર ગૌ, નિદના ઘેન વામે.
માળામાં પંખી જાગે, મધુર રણકતી ઘંટડી દૂર વાગે;
ટોકો ઉઠ્ઠો ગન્ધવે ગગનપટ ભરી કૂટડી કોંચઝોડી.
લાજાળુ નારીવૃન્દો શિર પર ગગરી લેઈ આવે ઉમંગે,
ભાગોળે વેણુ વાતા ધણ લઈ નિચરે છેલકા ગોપબાલો.
આત્માના મર્મદેશ શી મનહર મુરલી માતરિશ્વા બજાવે,
પળે પળે કરૂકે સભર વિલસતાં સૂર્યનાં ભગૈરશ્મિ;
ચોઢોલો જેમ પેલો શતદલકમલે મૂરછના ભૂગ ત્યાગે,
જાગે ઓ પ્રાણુ મારો અભિનવ જીવતો તેજના રાશિ ભવ્ય!

બાલમુકુન્દ દવે

આવતી કાલનાં નાગરિકો માટેનું આદ્યતન માસિક

લગ્નતિથિ

વ તનિકા

આજે તિથિ મધુર! આપણ લગ્નની આ
–વૈશાખ માસ અજિયારસ ઉજાણીની–
આવી, ગઈ પુન· ઓગણત્રીસ વેળા,
ત્યાંયે વસંતતિલકાક્રમની ગજરીઓ
પૂરી થશે અવશ્ય કો દિન રૂપુળની તો,
કૂદેશે પછી અમર મૈત્રભુ અક્રમ લગ્ન,
સચાર તો સુખગ ઔરબનેદ્રભાગ્ય.
આનદ ભ્યોનિ રાગ પ્રાણપ્રસાદ ગગ્ન.
સૌભાગ્યકંદબુ વળી તનયા કુમારી
એ રીત અર્પણ કરી જગતગલા શી
સાતત્યની સ્મિત વહે રસરૂપરાશિ,
સોહી રહો વરજ લગ્નિવેદ્યોલ સિદ્ધિ

દેશળજી પરમાર

હૃદો!

· પુષ્પિતાગ્રા ·

ગહન નભ તણી અરે ઉજાડ,
ખીણખીખુના અતલન્ત હેજાટાણો!
વિજન રહુ તણી અહો સપાડી,
વનવનની અથિ કુંજકુંજ ઘાડી!
અયિ સમદૃશની તરંગછાળો,
ખડક તણી કઠિનાઈ વજ્ર સી દે!
મનવ પવન હે! વિહગગીતો,
ઋતુઋતુનીરમલકની પુષ્પિતા હે!
નભ વિચરત હે દિગેન-ચંદ્રે,
ડગટમતા અથ લાખલાખ તારા!
પથિકપથિકના પ્રવાસપથો,
મુજ મનભાવન રમ્ય હે મહલી!
–બસ સહુ અહિયા, અહીં જ આવો
અચલ મટો રાગ હ્રાર ઉ· ઝાડિકા.
ડગ ક્રી ડગ દો જરે ગહેરા
સજન સદીઓની મારી સાત સંવરી!
નિમાલિત દૃગમા બનો ય આવો
સ્મરબુ નિજને વિરાટના સતાવો.
વિષમ ડરણ ને વિષાદ ઘેરો
સદીસદીને કર એ જ દૃગ ઝંખે.

ચેતીભાઈ જ. પુરોહિત

રહું તો ધપ્યો

· પુષ્પા

વસે વિઘ્ન વિઘ્ન ને અથાબુ કષ્ટો, પથગા
બધાનક તિમિર વિબુ ન બજે ગળે સાથ કો,
રહે અટગ ચિત્ત્વુ ન મુજ આત્મશ્રધ્ધા અને
વસે કરસપાલને હૃદયમા પ્રદુધિપતના,
રહું અતત કર્મની કઠિન કડીએ તો ધપ્યો
ન કિ કયહીં પૂર્ણતા મુજ પ્રવાસની ભાખુવા.

'પ્રવાસી'

સામયિક ચિંતન

ધાવણની પ્રતિષ્ઠા

[સ્વામી આનંદ]


ઈતિહાસના આદિમકાળથી માંડીને આજ સુધી, જેમ આપણા સતસાધુ ને ઋષિમુનિઓના આદેશકારુંદેરવાના ઝાઝ બોજ જ રહ્યો છે—સંસારની નશ્વરતા અને આત્મકલ્યાણની મહત્તા, તેજ આપણા તમામ સાહિત્યસર્જનને સાદ્ય એક જ સામગ્રી આપણે ત્યાં કાળકાળાન્તરથી અખંડપણે ચાલી આવે છે ઉચ્ચ અને અધિકારી જ્ઞેણાતા વર્ગોને હાથે અબીન સ્ત્રી-શૂદ્રાદિ અનધિકારી ગણાઓવા વર્ગોની પિંડભણ્ય છેક રામાયણ-મહાભારત કાળનાં સીતાત્યાગ અને દ્રૌપદીવિડંબનથી માંડીને આજની હારી વિધવાઓ કે આધુનિક કોલેજકન્યાઓ સુધી, અથવા તો રાજાક એલ્વથથી માંડીને આજની પ્રચલ પાપિયા૬૦ અસ્પૃશ્યતા ગણાતી કોમો સુધી, તમામસ્ત્રીશૂદ્રાદિને એક કે બીજી રીતે પણ, પોતાના મળના સગાવળી, શ્રોત્રનીયના અધિકારવાદ ઉપર ચડાવેલી પ્રચલિત માન્યતાઓ અને કટિબંધના દોર તથા આતક તળે અધિકારપણે ચેકુ જ પડયું છે આશ્વિનુગામા શુ, મ યશુનમા શુ કે આયુનિક યુગમાણ, પ્રાણપ્રયોગનેઅપરીત એવા આદિતો પર કે પોતાથી નળતા પર એવા ને એવો વિરસ્તર રહ્યો છે, અને અધોનેની એની નળબાદને પાછી એમના આત્મ-અધિકારનુ મુળય લક્ષણ ગણાતીને એનેતમામ ન ને અધિકારથી વંચિત રાખનેને આવ્યો

વીસમી સદીની બાળક અધ્યયનો પહોંચેલો આજનો જમાનો પણ કુળકોમ અને સ્ત્રી-પુરુષોમાંના આવા સનાતન ક્રાપના અધિકારોના હડદાવાથી ખાલી નથી ઉપરાંત ઓલ્યા અને સરકારી ગણાતા આધુનિકો પણ નળપ્રેમળવૃત્તે એ આક્ષતા આવેલા કટિબંધ સેરકારોના વિષથી બનેમાંથી કુ.વાયથી મુક્ત નથી હોતા, બહેક જખત આજે પોતાના અર્થ કળવાએલા સરકારોને કારે મેલી બેજ સનાતન માનસના અચૂક ગિમાર બંધ પેટે છે. એનું ભાન આજની ઘડીએ પણ સમાજના બેજ બનતી નાનીમોટી ઘટનાઓથી આપણને અનેકવા વીમપણે થવું આવે છે

માનવકુળના આજસુધીના પ્રાચીનઅર્વાચીન ક્રાન્તિયોએ કુળકોટી અને ધાવણની પ્રતિષ્ઠા આઈને અધિકારવાદની દીવાલો ઊભી કરી આમ કરીને તેમણે ધરતીના ખમીર સમી આત્મજનતાને તેના તમામ તેજ-વૈભવથી વારંવાર વંચિત કરીને હંમેશને સારુ અપંગ કે દઢપૂંગ કરી મેલી અધિકારવાદના એકાંતરા સ્વર્ગ ની ઝાંખી ચીતરનારા ઉપર ચિંતકો અધિકારવાદની ઉભા કરીને, આઠઆઠવા વાળના અઢળાક પછી—આઠઆઠવાકાળ અકબધ અધિકારોના કળાબોલો નવપ્રાત કર્યા પછી, સાત્ત્વ છ? સંસારની નામી અનામી સૌ કોઈએ એવી પ્રજ્ઞાની ઘાડદોડમા એમણે પોતાના દ્રષ્ટાજીવને અંતે કઈ સરમાદ આળિત કરી ?

સાચી વાત તો એકલી જ છે કે આ અધિકારવાદની ઉન્નતબ્ધ નરી નરસ્વપ્ન પીડન કરી ચૂકી છે એના પુરાવા રોયેલા આજે જગુ પડે તેમ નથી જ સ્ત્રિટિકારોએ અહોરા વગરની વાત પર આજ કેવળની ‘લોક’ લેખાતી દ્રષ્ટાન જનતાને હાથમા લઈને બહુ દિવસોની ક્રાન્યત વાટે સ્ત્રીપોતાના પળેપળી લીધી અને ચિન્તબદ્ધ સ્ત્રાહિત પદ્ધતિમા કેરવી નાખીને એની જ મદદથી ક્રિન્દ્રસ્તાનને જુત્સુ, જે જનતાને આજ પણ લાખોની સંખ્યામા ભરતી કરીને એ જ ક્રિટિકોને દુનિયા આખીને ધમરોળી રહ્યા છે, તે બધી નિલાડીના ટોચ એ જ આકાટિયે પખપાટિયે ને મહિનેમાસે ઊભી કરવામા આવતી તિથી પદ્ધતો શુ હાડા—ચિરોટિયાના તે ક્રોએયેથોના વગામાથી ચાબુકીઓને ભરતી કરેલી હોય છે? પચાસ પચાસ ને સો સો ગજલાના ટ્રાંટ-સ્ક્રેપર્સ (આબડિયા ગકાનો)ઓ આપ ઘાપને ચડી જઈને બજારની અગ્રિઓ પરએ ધૂણનારા ને એવી ક્રાયાઓ એવી અનરી ક્રમા ભૂસવા પાડનારા ક્રાયર ક્રિયોના બાબાવાળાઓને તેમના કુળગોત્રને શુદ્ધતનની ક્રિન્દ્રી-ક્રિન્દ્રિણીતા આધાર પર ભરતી કરવામા આવે છે શુ ?

ક્રાયતીય અને અનંતોતના અધિકારવાદની આ ઓટ ની આગને એકલાને જ ક્રાયદે ને



સ્વ. મા આનંદ આવીના વર્ષપ્રસંગે સ્કેચ (૨૭૨૬)

પનલે ઓટવાવીને કા ઉભા રાખે ? એ માયા લઈને દુનિયાને પાછાહાલ-સ્વા નીલેથી પ્રેમઓને એ કેમ ન્યાય નડતી નથી દેખાતી ? દુનિયા આખીના કાળા ગોરા કે પીળા તમામ આફ્રાબ્દુલ્રતી આકેતેઽબાદ્રીએ પખપાતની પ્રેતિષ્ઠા, જીવની પ્રતિષ્ઠા, આવા આખરે-છેવિયા આનારથી કહિં અપવાદની નથી


આવવા વાત એ છે કુળો માથાનુ માનવીમાત્ર ઓલ્રોહી ઓલ્રાબુ ને એકપરિવાર છે એમા નાનાર ૧,૬૦કોમ, ક્રોલ્યોમ, પ્રાર્પેમ્રિમ કરતા જ ભેદ નથી માણસની સામે માણસે હાટેલા, તમામ હકદારો ને અધિકાર નો હકદની જરોઝકામા હારી બેઠેલા લોકોમે પૂર્વપરાક્રમોના હવાલા દઈને તેમાંથી બાકી ક્રાવાઈ-અરજ્ઞ-ઓની અળપીપાળજ આમની અધારે પડી ચૂકેલા વાસી શિષ્ટાચારાત્મને પુરુષાર્થોના ભીંતચિત્રામોને સાથે સાથપણ લડી દેખાડને કરુણવવાના, ને ઉપર ઘણી લાયરી કરવાના ઘાયા ગાત્ર છે એની રોખી ને ઓના કામણ આ કળજીવમા હવે કારમત રવા નથી. રહેવાના નથી માનવીઓને જનતાથી બળેલા ઓવા એક જ અધિકાર છે પુરુષાર્થ, કર્મ—ગતના, આવિજન, અનાદિત કર્મ, સંસારને એની તમામ અવળાઓ અને અપજયકાર્ડ એમાથી જેની કાઢીને ઉર્ધ્વ બનાવવા કરી ગયાત્ર કર્મ, જેના વિનાતમામ સંસાર કુત્પ્ર શબ્દને નાસ પામે એવી ભાતિ બહેક કરીને નીવાના નાનાર પુરુષોતમે ‘ચય પોતાને (પરમેશ્વરને) પણ તેમાંથી બાકાત રાખવાને ના પાડી એ જ એક માનવપ્રાણને અણાધિત જન્મસિદ્ધ હક છે, આપી તમામ

આળપંપાળ, આણી વળગાડેલી ને કપનવી કાઢેલી કષ્ટપર્યંત કથા-કહાણી છે

શુ નામી કે શુ અનામી, કુળવાન કે કુળહીન, કલ્પનના પુરુષાર્થક્ષેત્રમાં માનવીમાત્ર એકસ્વારે છે. એ એક જ વાસ્તવ સત્ય છે. અનિગત ભણતરીઓ કલ્પ્ય આદ્યવ્યવહિક સરસ્વતીના વારસદારો કથાય શ્રોતાશ્રાવી પૃષ્ઠજીવન પદમા જીતવતા હતા, પરંતુ એવી પૃષ્ઠ પણ એમના પુરુષાર્થનુ ભાષુ બનવા કરતા મોટે ભાગે એમના પ્રમાદ આળસને પરોપજીવીપણાની જ સામગ્રી બને છે એવો સાનનો અનુભવ છે. કુલશીલની ઉપાદાનસામગ્રી ગરાસ-વારસામાં મળેલી ઠાઠી પૃષ્ઠમાથી કે નિર્દગ્ધ વાસી આચારવિચારમાથી નથી નીપજતી. ક્ષેમને પારણે પોઢેલા ને હીરની દોરીઓ હીંચવાઓએ સંસારમા પરદૂ એ દુઃખિયા શ્રદ્ધને આર્તત્રાણને અર્થ આત્મવિલોપનના પથ કયત્નિત જ ખેડવા છે ત્રિવિધ તાપમાં તપતી બળીઝળી દુનિયાને સાત્વન દેનારા, વિષ્ણના ઝંઝાવાતો વચ્ચે અતને ઝળીપ્રજ્વળીને આત્મયજ્ઞને દીવટે દુનિયાને માર્ગ દેખાડનારા, સકટ સમે નૈયા બનીને આર્ત દુનિયાને પાર ઉતારનારા અને શાંતિ સમયે દીનદુનિયા બેઉનુ ભાષુ બંધાવીને માનવકુળનુ રથાથી એય સાધનારા માદીનયાઓને તો ધણુજ કોઈદીનરહિત રાજીકાંઈ માતાઓએ જ ક્રાનીએ પરથર બાંધીને જણ્યા હતા. તેથી જ તો કહેવી પડી કે મહાપુરુષોનુ કુળજ ન તપાસવુ દુનિયા તો અતિ અતિ વેગે સંકેતાની જય છે રાગદ્વેષ અને રંગબેરંગની સરહદો હવેની દુનિયામા ઓછાય હશી પડવાની છે ઝાંખા મોક્ષઝળા નહિ પણ મોક્ષપ્રભા બળબળતા અંધેર નીચે ચાલવાનુ છે. વાટાવલીઓ ફરીને હવે નહિ જવાય વિશાળને વળગીને, એની સામે નજર નોધીને જ હવે ચાલવા પડશે. એ પડકાર ઝીલનારા નીકળશે ? "Where there is no vision, people perish." ('દીદ્રષ્ટિ મેં નામદ જાય' નામના પુસ્તકની 'ઉર્જિ'ના આવેલી પ્રસ્તાવનામાથી તારવેલુ)

સ્વ. પૂ. નિર્લેપકવિજય મહારાજ

યોગનિષ્ઠ મુનિવર શ્રી નિર્લેપવિજયજી મહારાજ આષાઢ વદ ૬ ને બુધવાર તા. ૧૮-૮-૪૩ ના રોજ વિલ્સન થયા એ સમાચારે એમના પરિચયમાં આવેલા મુનિઓ તથા નરનારીઓને પોતાને પડેલી ઓટથી ભારે ગ્લાનિ ઉપજાવી છે એઓશ્રી સ્થાનકવાસી જૈન સપ્રદાયના સાધુવર્ય હોવા છતા પરમ ભાસ્તીભક્ત હતા, અને ધર્મના આડબંધો તથા મ-



ચ્છંદાઓને બાજુએ મૂકી, અપાર વાત્સલ્ય તથા સરળતાથી અને સંપ્રદાયના સાધુ, સન્યાસી, બ્રાહ્મણ કે શૂદ્રવર્ય તેમજ ઇસાઇ પારસી વગેરે અન્ય નાગના માણુસોના પણ પરમ મિત્ર અને સદ્ગાયક બન્યા હતા તેમની મોટી અભિલાષા હતી કે યાત્રાના કાઠે શ્રી ઉદ્ગેરેશ્વર (ઝઘડિયા) મહાદેવના મદિર આગળ સર્વે વર્ગને ઉપયોગમા આવે એવુ એક સંસ્કૃતિધામ વસાવવુ ત્યા થોગ અને જ્ઞાનના અભ્યાસીઓ માટે નિવાસ, રસોડુ, ઔષધાલય, વાચનાલય આદિ કરવા, આમજનતા માટે એક ઇશ્વરનગરી સ્થાપવી, અને દેશના કોઈપણ ભાગના, કોઈ પણ સ્થિતિના, આત્મોન્નતિવાંછુ માટે અતિથિગૃહ નિભાવવું આવા મહાન પુણ્યકાર્યનુ સાધના તેમણે ત્યા 'યોગાશ્રમ' ની સ્થાપના પણ કરી હતી અને તેની આસપાસ જમીનનો મોટો વિસ્તાર રોક્યો હતો સાધનનામગ્રીવાળા એ કુશાદે મકાનમા લગભગ ૬૬સે-૭૦૨ કેટલા પુસ્તકોનો સગ્રહ પણ કર્યો હતો એમની એ ભાવના સિદ્ધ થશે તો જરૂર તેમના આશીર્વાદ ઊતરશે, ને ગુજરાત એક સસ્કૃતિતીર્થધામ પણ થશે.

એ પરમ કલ્યાણમૂર્તિ સંતનો ગુજરાતમાં કદાચ ઓછાને પરિચય હશે. એમનો મુખ્ય અડ્ડાન (મુકામ) વનસ્થલી ના સાથે આપ્યો છે તે એક જ ફેરો આવું તેમની એ-૫ આજ્ઞાથી અમદાવાદ રા બધાયા આવ્યો હતો. આજે તે પહેલી જ વાર બહેરામા મુકાય છે

ડૉ. મંજુલાલ મજમુદાર

વડોદરા કૉલેજના ગુજરાતીના પ્રાધ્યાપક શ્રી મજુલાલ ર મજમુદાર, પોતાના કલાવિષયકવિવેચનાત્મકપુસ્તિકા 'કુમાર' નાવાચકોને તો સુપરિચિત છે જ, ગુજરાતના અધ્યાગોકળ પ્રાધ્યાપકોમાના એઓ ગુજરાતની સંસ્કૃતિ અને કળાનો અભ્યાસ તથા ઉત્કર્ષ કરી રહ્યા છે તેમાંના તેઓએક છે, અને ગુજરાતની પ્રાચીન તેમજ અર્વાચીન કલા વિષે સંશોધન અને નોધો કરી મુનિવર્સિટીને બારણે તેની પ્રતિષ્ઠા કરાવનાર પણ તે એકલા જ છે. તેમણે આજ સુધી ગુજરાતની લોકકળા, સાહિત્ય અને સસ્કૃતિ ઉપર અનેક લેખો પ્રસિદ્ધ કર્યા છે, પણ હમણા તાજેતરમા એમણે ગુજરાતની પ્રાચીન કળા ઉપર એક વિદ્વત્તાપૂર્ણ મહાનિબધ (થીસીસ) લખી મુંબાઈ યુનિવર્સિટી તરફના ડૉકટરેટ (પદિત પ્રવર્ય) ની-પીએચ.ડી.ની-પદવી મેળવી છે તે માટે આપણા તેમને અભિનંદન હો. —૨.

એક ઉપયોગી પુસ્તક

'આપણું હિંદુસ્તાન'. જે આપણાપ સાધનસપત્તિ—વનસ્પતિ, ધાન્ય, ઢોર, ખનીજોના ભંડાર અને બેશુમાર માનવબળ આપણો દેશ ધરાવે છે તેનો સાચો અને રસમય પરિચય આપવો, અને બેઠલી અદ્ભુત સપત્તિ હોવા છતાં આ દેશ શા કારણે દરિદ્રિ રહ્યો છે તેના કારણો દર્શાવીને એ કલાવિદ્યત નાબૂદ કરવા માટે સંપત્તિની કેવા પ્રકારની યોજના કરવી જોઈએ તેના માર્ગ દર્શાવવા,—એ બેવડુ કામ કરતા આ પુસ્તક એક અનન્ય પ્રકારના છે સાદી સરળ ભાષામા, આપણને કોઈ વાર્તા કહેવ હોય એ રીતે, એ તમામ હકીકત એકોપૂર્ણ રીતે સમજાવવામા છે કે ઊગતા કુમાર-કુમારીઓ અને આપણા ભણેલા આમવર્ગ પણ એ સમજી શકે, અને આપણા દેશ માટે ગૌરવ ધરાવતો થઈ તેની ઉન્નતિ વિષે વિચાર કરતો થઈ જાય સાથેસાથે પુસ્તકમાની હકીકતો સીધી ઢોયામા ઊતરી જાય એવી વિશિષ્ટ ઢબના સરળ અને ઉદાહરણ શૈલીના ચોટદાર ચિત્રોથી પણ એમાં આપ્યાં છે, તે એ પુસ્તકની ઉપયોગિતા અને આકર્ષકતાને બેવડી બધારી મૂકે છે લગે પરદેશીને હાથે ગતરાએલી હોવાથી ચિત્રોમાની પાત્રસૃષ્ટિ ઠિદીપણાના ભાવથી ઊણી લાગે છે આ પુસ્તક મૂળ અંગ્રેજીમા બહાર પડ્યું ત્યારના અમે એનાના કેટલાંક ચિત્રાત્મક મુદ્રા 'કુમાર'ના છેલ્લા પાનાઓમા અવારનવાર આપ્યા કરતા હતા તે વાચકોને યાદ હશે. હવે દેશની બીજી ભાષાઓમાં પણ તે ઉતારાયું છે. ઉત્તમ કુમાર-વાચનનું આ પુસ્તક પ્રત્યેક ઘર, સાળા ને લાયબ્રેરીમાં હોવું જોઇએ લેખક મનુ ગસાણી; આનુવાદક પુરુષોત્તમ ત્રીકમદાસ, પ્રકાશક-ઑકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ મુબાઇ. કિંમત રૂા.૨

ભારતના ગાયનાચાર્ય વઝે બુવા

અજ્ઞાને અભાવે અધમૂઆ અવસ્થામાં અને કપડાંને અભાવે લંગોટીભર કપડી ગરીબી
અને નિરાશામાં જુવાની વિતાવી ગાયનની આધના કરી એ ગાયનાચાર્ય

ગઈ તા. ૧૬મીએ ગાયનાચાર્ય રામકૃષ્ણ વઝે બુવા આશરે ત્રિનેર વર્ષની ઉમરે અવસાન પામ્યા તે દિવસે ભારતીય સંગીતના ઇતિહાસનું એક મહાન પર્વ પૂરું થયું.


જ્યારે જ્યારે હું એમને મળવા જતો ત્યારે તેઓ કહેતા, 'હવે મારા બોટા ન દિવસ બાકી છે. નાગના મેળાની, પેગા પબ્લુ ગાન મળવા, તમારા જેવા સેંબધીઓ આવારવાર મળી જાય છે, એથી વધારે આપણને શું જોઇએ? હવે મારે તો દિવસ ગણવાના જ રહ્યા.

વઝેબુવાના દર્શન વખતે અને એમની પાસેથી એમના સંસ્મરણો અમે સાંભળતા, ત્યારે છેલ્લા પચ્ચીસ વર્ષનું જીવન અમને નજરે આવ્યા સિવાય રહેતું નહિ. ગાયનકળા શીખવા ખાતર એમાંથી શું શું જોડ્યું હતું એનું વર્ણન સાંભળી આંખમાં મસ્તક નમી પડતા.

ગુજરાતમાં વઝેબુવાનું નામ એટલું જાણીતું નથી, જટલું તે મહારાષ્ટ્રમાં કે ઉત્તર હિંદમાં જાણીતું છે એટલે મેં એમને એક વાર કહ્યું હતું પણ ખરું ? 'કુમાર'માં તું તમારું ચરિત્ર આપવાનો છું

ઓ વખતે જ્યાંથ ના દીધો કે એ ચરિત્ર મૃત્યુવેળ માંગે '

વઝેબુવા હોય ત્યારે જાદુના પરિષદ ભરાતી. એમને બધા જ ઓળખતા સ્વામી વિવેકાનંદ કેટલાંને સારો પરિચય ધરાવતા. એમની સાથે એમણે એ પ્રભુ આફવાદિયા અંગ્રેજી પબ્લુ કહું હતું ભારત-રોવક ઓળખ એમને પોતાના સંગાકાલીન નાયકોનો ઇતિહાસ લખ-વાનો આગ્રહ કર્યો હતો બેંગલોરમાં બુવા સર ગો. વી. રામનને મળ્યા ત્યારે નેગોવ્ય પબ્લુ બુવા ગાયનચરિત્ર લખે તો સારું એમ કહેલું અને શ્રી કેળકરે તો પોતાના 'સધાડિ' માસિક માટે એમના સંસ્મરણો મંગાવ્યા પબ્લુ હતા



ગાયનાચાર્ય રામકૃષ્ણ નરહર વઝે, સાવંતવાડી સંસ્થાનના આર્ય નામના ગાયકોમાં જન્મ્યા એમના પિતા મરણ પામ્યા ત્યારે એમની ઉમર દમ મહિનાની હતી નાના છોકરાને ઉછેરવાનો બધો ભાર માતાને શિર પડ્યો કુટુંબ બહુ ગરીબ હતું, અને ગાગડું તદન નાનું. એટલે ત્યાં ગુજરાન ચાવે એવું ન હતું આથી રામકૃષ્ણ ચાર વર્ષનો થયો ત્યારે એની માતા એને જન્મભૂમિનો ત્યાગ કરવો પડ્યો માહેકેર કામદ આવ્યા અને કેટલ દેગપારે નામના ગ્રહ-સ્થને ત્યા નોકરી કરવા રહ્યા યથાસમયે રામકૃષ્ણ નિશાળે જવા ગાડવો ને ગગડી ગોપી સુધી ભણ્યો. પબ્લુ બાહ્યનું અભ્યાસમા ચિત્ત ન હતું નાનપણથી એને ગાયનનો શોખ હતો નિશાળમાં કે રમામા જ્યાં જાય ત્યાં રામકૃષ્ણ તાન મારતો કર્યા કરતો. એને એક દિવસ માસ્તરે એની માને કહ્યું, 'છોકરાનું ભણવામા 'ધ્યાન નથી એ ગાયન શીખવાડવાનો પ્રબંધ થઈ શકે તો સારું ' માની પબ્લુ એ જ ઇચ્છા હતી, પબ્લુ એને ગાનિને પ્રભુ કવિયાનો પ્રચાર મળતો, એમા એ છોકરાને ગ્રાયન શીખવાડવા પેગા ક્યાંથી કાઢે ? છોકરાનું નસીબ સારું એટલે ગોત્રજ દત્તબારના ગવૈયા બળવતરાવ ખોડકે એને શીખ-વાડવા તૈયાર થયા. રામકૃષ્ણ બી વખતે નવ વર્ષનો હતો. ખોડકે પાસે બે વર્ષ રહી ને વિષ્ણુપા અળખૂા હકર્ય નામના પ્રખ્યાત નવૈયા પાસે શીખવા ગાવવવું બંધ અને ત્યાં બીજ વર્ષ ગ્યો.

બાર વર્ષની ઉમરે રામકૃષ્ણને પ્રભુપદ પરથ્યું પરંતુ એ જ્ઞાન્યુ કે આપણી જવાબદારી તેને વધી ગઈ છે, પબ્લુ હાલત પ્રતિકૂલ બનતી જાય છે આ પબ્લુ બીચારી મજદરી કરી આપણને ક્યાં સુધી સાચવશે ? એટલે ચોથી નાની છોકરીનો વિચાર એને આવવા માંડ્યો પબ્લુ કરવું કયા ? પાંચ કુળી બાદાગ પબ્લુ ન મળે 'અને આવની ગાંઠ એ વખતે બને કેવને પબ્લુ ન હતી. એટલે ભાઇએ નની કરું ને પંઢરપુરા મુકામેરી કળીયુ તરફ ન નિશ્ચય કરી ઘરે ચાલીને ભાઈ ને બધવા અને ત્યાંથી મુબાઇ પહોંચવા ત્યા ઘોડા દિવસ જવી લોકોને આવત જોવાની ત્યા એવું કામબાર કરિયા બેસા કરી લીધા આ વખતે એને બીજ વર્ષ પૂરા થવા આવ્યા હતા

મુબાઈથી રામકૃષ્ણ દહેરા ગયો અને ત્યા ત્યાં ગિતા મૂર્તન ધરા-ઢનાર નાનાસાહેબ ખાનગેને મળ્યો પાનગે એને ગાયન શીખ-વાડી શકે તેમ ન હતું, નરવા કે મૂઢન વગાડતાં શીખવાડવા તેને તૈયાર હતા પબ્લુ આ છોકરાને તો ગાયનની જ ધૂન લાગી હતી ગાયન તો બાલિયવસ્થા શીખી ગયારો, કારણ કે ત્યા ઘણુ કેળવાઇ ગ્રેલ છે, એવી સલાહ મળવાથી રામકૃષ્ણે ત્યા જવાનો નિશ્ચય કર્યો એની આ સકન્યની વાત એના જ મોઢેથી સાભળીએ '

'બીજ વર્ષની ઉમરે ઘર છોડી હું ગાયન શીખવા અહાર પડ્યો ઘર છોડ્યું એટલે બહુ મોટો ત્યાગ કર્યો એમનો ન હતુ ત્યાંના કોઈ એમ કહે તો ત્યારે કરવા જેવું ઘરમા ત્યુ યે ન હતુ હતા, પબ્લુ નસીબ છતા મેરાળા એવી ગાતા તો હતી જ. એને છોડવા મન તૈયાર થતુ ન હતુ પબ્લુ મરવા જેવું એટલે એ ઓઝાંગીને કહે નદિ પબ્લુ જે ગાયનના માટે માધુકરી માગવા મો-વવા જેવું હતુ એટલે તે નીકળ્યા

જ જવાનો નિશ્ચય કર્યો, અને જ્યાં કોઇ પરોપકારી ગાયનગુરુ મળી રહે ત્યાં જવાનું નક્કી કરી બહારનું રાજ કર્યું '

ફરેરથી એ બુનારસ ગયો એ વખતે બળબીરા સંગીતકાર રહેમતખા અને એમના આશ્રયદાતા છત્રે ત્યાં હતા. એમને ત્યાં ગોઠા દિવસ રહી, ત્યા સાભળી સતાય એટલુ ગાયન સાભળી, રાગ-દ્વેષ્ય ગ્વાલિયરને રસ્તે ઊપડયો

ગ્વાલિયરમાં એ વખતે નિસારહુસેનખાં નામના શ્રેષ્ઠ નાયક રહેતા હતા. એમની પાસે વિદ્યા મેળવવાનો દરારો રાખી વજેબુવા એમને મળવા ગયા 'મારા પરમ પૂજ્ય ગુરુ,' તેઓ લખે છે, 'નિસારહુસેનખાં સાહેબને આપણુ મહિનાના એક સોબતવારે હું ગયેલા. એમને જોઇને હું તો ત્રિગ જ થઈ ગયો ! એમનું નામ મુસલમાન જેવું, એમનો ધર્મ પણ એજ, પણ વેશ તો હતો હિંદુ જેવો ! એમણે ધોતિયું પહેર્યું હતું, આખા શરીરે ભસ્મ લગાડી હતી, અને ગળામા જનોઇ હતી ! એમને જોઈ હું વિચારમાં પડયો. પણ તેમણે જ બોલવાની શરૂઆત કરી "તારે શુ જોઇએ છે ? શા માટે આવ્યો છે ?" મેં કહ્યું, "મારે આપની પાસે રહી ગાયન શીખવું છે" એણે તરત જ હા પાડી અને કહ્યું કે મારો ઓરો પણ તૈયાર છે તો કાલથી શરુ-ખવરાવા માડુ મેં દક્ષિણા માટી કહેતી ચિતવિનુ વર્ણન કર્યું ખાસાહેબ બહુ જ ક્યાળુ હતા એમણે મને શીખવાડવા માંડયુ ખાસાહેબ ઓકારજી, શિવરાત્ર અને બાવણી સોબતવારે ઉપવાસ કરતા.

આમ, ગ્વાલિયર આવ્યો તો ખરો, પણ મુશ્કેલીઓ હજી પૂરી થઈ ન હતી. મોટો સવાલ એ હતો કે ખાવું કયા ?' આખને માથુકરી માગવાની શરૂઆત કરી. પણ પેટ ભરાય એટલી માધુકરી તો કોઇ દિવસ મળતી નહિ એમ જ અદ્ધપછી વ્યવસ્થામા પાચ-છ વરસ કાઢ્યાં કે દિવસે માધુકરી મેળવી શકતો નહિ તે દિવસે અભાવમા ખાઈ લેતો. ગરીબ હોવા પૂરતાં કપડાં યે મારી પાસે ન હતા; એટલે પેટભર ખાવાનું યે નહિ ને કપડાં પણ નહિ! હોગેડી પહેરીને જ કસરતો પ્રદેશ, એકસેકનાળામાતાપ અનેસિયાળામાતાપ કાઢ્યોતા બધા કે કહેવાની વાત નહિ અધૂરામા પૂરુ મારા ગુરુ ખૂબ તના મુસલમાન કેટલાયે દિવસ તો મેં રડયા જ કર્યું. મનમાં થયું, કયા બૂરુ કરી અનેબહાદી માને પણ ઝાઝી આવ્યો' પણ નિશ્ચય કર્યો કે વિદ્યા મેળવીજ જ ગામના લોકો કહેતા, 'આ છોકરો એકલ ગાઢો થશે એક દિવસ' લગાડી પહેરી આખો દિવસ કર્યા કરે છે અને ગાયન ગાયા કરે છે એક દિવસે એક મોટા માણસે કહ્યું, "તુ શું ફાગ ઝાઝી આવ્યો છે? ગાયન તને કોઇ દિવસ આવડવાનું નથી. તુ કપાળો છે, નાટકમા લય તો સારૂ" મેં એમને કહ્યું. "અહીં તમે આપ્યા પચારોક વિદ્યાર્થીઓ જુઓ છો, પણ યાદ રાખજો કે હું જ ઓછી વરસ્સા ગાઇશ એક દિવસ."

આમારા ગુરુજી હમેશા એક દોહરો ગાતાઃ

ખાને કું અન્ન નહિ, રહેને કું જગા નહિ,
રોગથી સમૃદ્ધિ કું ઔર રણ આળાદી આબાદ

એવી જ મારી સ્થિતિ હતી. કોઇને ત્યાં જઉં તો તે તરત જ કાઢી મૂકતા. મુસલમાન હોઇને એમને કહેતા, "અલે હૈદે, તુ કાય કુ આયા? તેરે કુ ગાના નહિ આ સકતા." આ હીન શબ્દોને ખમી લહને પણ હું મારા ધ્યેયને વળગી રહ્યો. જેના પર ઈશ્વરની કૃપા હોય છે તે કોઈથી ખીતો નથી જે લોકો મારી મશ્કરી કરતા તેઓજ આગળ જતા મને વખાણતા થયા. પણ એ નવ વરસમા એક દિવસેય પૂરુ ઊંઘ્યો હોઉ એવું યાદ નથી દહાડે તો ગમે જ પડે નહિ કોઈ પણ ચીજ સાભળી કે તરત જ લખી નાખુ ગામમા નવો ગવૈયો આવે કે તાન પૂરો પકડવા લઉ. એમ મારા દિવસ જતા '

ગ્વાલિયરમાં મહારાહેનને વિદ્યા પ્રાપ્ત કરી વજેબુવા આગ્રા, જયપુર, ઉદેપુર, રેવા વગેરે કેટલીયે જ્યાંના જતા ત્યાંના સારા ગવૈયાઓ પાસે રહેતા અને એમની પાસેથી શીખાય તેટલુ શીખી લેતા આજે છ એવા સંગીતવર્ગો તે વખતે ન હતા. ચોતીસ વ્યવસ્થા ગુરુ સાથે રહેવુ પડે, એની સેવા કરવી પડે અને ગુરુને શીખવવામું મન થાય ત્યારે જ એ શીખવે ! તેમ છતા પણ એક જાહ્યલ યુવાન મુસલમાન ગુરુઓ પાસે રહી વિદ્યા કમાયો એ પ્રશ્ન્ય નથી ?

અધ્યયન પછી હરી વજેબુવા દેશ ગાવવા ઊપડયા. રસ્તામાં એમને અનુભવ થયો કે વિદ્યા મળતા તી સાથે જ કાઇ નિર્વાહના સવાલ ઊભી જતો નથી; અને સગીત કુપર આશ્રયવિદ્યા ચલાવતાં મુશ્કેલીઓ તો ઘણી નડશે. તેઓ અગરાવતીગા એક વીશીમા ઊતર્યા હતા. ગામમા બધે કામ વાળી, પણ ગાનુ ગાયન કરાવવા કોઈ તૈયાર થયુ નહિ એક વકીલે કહ્યું, 'ભોગ વકીલને ઘેર બનેલા; એઓ ગાયન કરાવશે ને પૈસા પણ સારા આપશે' વજેબુવા ત્યા ગયા પણ ત્યા બબર પટી કે વકીલસાહેબને ગાયનનો શોખ બીલકુલ ન હતો વીશીવાળો રોજ પૈસા માગે બુવાના ગજવામા હતા માત્ર આઠ આના ! વીશીવાળાએ કહ્યુ, મારા પૈસા આપો, નહિતર તો વીશીમા પીરસવા રહી જશો ! ઘટીભર બુવાને થયુ કે જે વિદ્યા ઘરે એક પાઠ મળી રહતી નથી તે વિદ્યા મેળવવામા આપણે નકામા વર્ષ ગુમાવ્યા વીશીવાળાને માંડમાડ સમઝાવ્યોઃ 'ઘર ફિકરમા તારા પૈસા આપીશ. બબરાવો તારે ત્યા નોકરી કરી તારુ દેવુ પતાવી દઈશ ' બુવાએ તો દરરોજ ભોગ વકીલને ત્યા જવા માડ્યુ ' બે દિવસ તો વકીલસાહેબે પૂછપરછ પણ ન કરી. ત્રીજે દહાડે કારણ પૂછયું કહે, 'આ છોકરો બીચારો રોજ આવે છે ફીના રૂપિયા આપી દો અને ' બુવાએ કહ્યુ, 'હું વિદ્યાર્થી નથી, ગવૈયો છુ.' તો વકીલ કહે, 'ગવૈયા ? એ શું ? પૈસા તાન મારે છે એ જ આલિયા કે ? બાદ, તારુ ગાયન નથી સાભળવું સારે. ગાને ન ભોગને પાચ રૂપિયા આપીશ !" બુવાને એજ ભોઠુ લાગ્યુ કહે કે લાવો. વીશીવાળાને આપવા ગયો પછી વકીલને શું થયું કોણ જાણે, કે તેઓ તૈયાર થયા એમના નાના ભાઇ પણ સાભળવા બેઠા ગાયન સાભળીને નાના ભાઇએ વકીલને કહ્યુ, 'માણસ ગુણી છે ' નવાઇની વાત કે વકીલસાહેબ પણ ખુશ થયા. એમણે બુવાને દૂધ આપ્યુ અને કારકુનને કહ્યું, 'વીશીમાથી એમનો સામાન લઈ આવો અને વીશીવાળાના પૈસા ચૂકતે દો ' એ વકીલને ત્યા બુવા ચાર મહિના રહ્યા

ત્યાંથી બુવા ફરી ગ્વાલિયર ગયા અને ત્યાંથી બરેલી ગયા એમને ત્યાની વિવેકાનદ ક્લેરે ભેટો થયો, બે જણા પરદેશ દિવસ સાથે હતા એ દરમ્યાન ત્યાનીઓના જ્ઞાનનો લાભ પોતાને બહુ મળ્યો એમ તેઓ ઘણીવાર કહેતા બરેલીથી બુવા નેપાળ ગયા. સારા નસીબે ત્યા નોકરી મળી ગઈ. પણ એક જ વર્ષ ત્યા રહી બુવા દરિભગ્રમાં આવ્યા

આ પછી રાજ્ય છ બુવાનો ભાગ્યોદય ઘણુ શિખેને તેઓ વિદ્યા આપે છ, પૈસા કમાય છ અને આખા દેશમાં ખ્યાતિ મેળવે છ

વિદ્યા મેળવવામાં પોતાને કેટલાં કષ્ટ પડ્યા હતાં તે બુવા કોઈ દિવસ ભૂલ્યા ન હતા પોતાના શિષ્યોને તેઓ હદાર હૃદયથી વિદ્યા આપી હતા એમની શિષ્યવર્ગ ઘણો મોટો છે. એમા નબળાં આયિકા કેસરબાઈ અને મેઘુબાઇ, મહારાજપુના નટ બાપુરાવ પેંઢારકર, વિનાયકરાવ કાગળકર, ગુરુરાવ દેશપાડે અને બીજા ઘણુ છે હરિભાઉ ધામેલર એમના શિષ્ય ગણાય છે ઘરાવસ્થામા જ્યારે બુવાને લાગ્યું કે આપણાથી હવે કોઇને શીખવાશે નહિ ત્યારે એમણે 'સગીતકલા પ્રકાશ' નામના પુસ્તકનો બે ભાગમાં બહાર પાડયા

ગોકળ ચરિત્રમાં બનેલું એવું બીજું તો શું હોઈ શકે? બાપજી તરીકે તોયબેલુથા મહાન હતા જ, પણ વ્યક્તિ તરીકે પણ તે ઓછા મહાન ન હતા. જે વખતમાં ગામનહલ્લા આશ લોકોમાં પ્રચાર પામી ન હતી તે વખતમાં એ કહ્યા મુજબનાઓ પારોણી ગીખી લઈ સારા લોકોમાં ફેલાવનારા મોટા પુરુષાર્થીઓમાં એમનું સ્થાન અવશ્ય રહેશે. એમનો સ્વભાવ ખૂબ જ ભોકો હતો. પોતાના દોષો તેઓ જોઈ શકતા, એટલે એમને ખાસ અભિમાન કંઈ ન હતું; અને તેથી તેઓ લોકોમાં બહુ પ્રિય થઈ પડતા.

શરીરે કાંઈક જાણ, જરા નહા અને વર્ણે ગૌર, એવી મૂર્તિ કહ્યાની થાય તો તેઓ જેવા દેખાતા એનો ખ્યાલ આવી જશે એક વખત એમનું વજન બસો વીસ રતલ હતું' પણ એમનામાં 'વાન જેવી તેવાર વસ્તુ તો એમની આખો હતી જેવા જ નાના નિરાડમ બાળક વાર આવે એટલી એ નિર્મળ, મજાકિબરી અને આનંદભરી દેખાતી. તેઓ બોલતા પણ તેમજ કલાકોના કલાકો સુધી વાતો કર્યે જ જાય વચ્ચે પાંચ પાંચ મિનિટે 'હવે ઘરેરો થયો છું, સ્વરસૃષ્ટિના નબળી થઈ ગઈ છે' એમ કહી એટલી નિખાલસતાથી હસે કે આપણને પણ હસવું આવી જાય કોઈ ગાંભીર્યભરેલ વિષય કે કુશરી બાતા ત્યારે તો એમની આખો-ચાની મસ્તી કયા જે સંગાની નહિ પણ વજેબુવા કરમાની કે કાંઈ બનતા જેવો રાગ બેલા કાયી બાતા કે શ્રોતાઓ એમની હુંગરીબોનુ રહીકારપણું ભૂલી જઈ ગંભીર વાતાવરણ અનુભવતા.

જિંદગીના છેલ્લા સાત-આઠ વર્ષ એમની તબિયત સારી રહેતી ન હતી. લોહીનું દબાણ વધી ગયું હતું, મધુમેહ હતો જ, એમાં વળી હૃદયન્યથા (angina pectoris) અને હૃદયનો દમ (cardiac asthma) એ બ્યાધિઓ ઉમેરો કર્યો અમે જાણતા હતા ત્યારે એમના angina—એમના શબ્દોમાં 'અનજનીયાની' વાત ન નીકળી હોય અને એ હુચ્ચાર પર અમે ન હસ્યા હોઈએ એવું ભાગ્યે જ બનતું ઈ. ૧૯૩૯ની આખરમાં કે ૧૯૪૦ના પ્રારંભમાં તેઓ અમારવાર આવ્યા ત્યારે આધાર વગર એકલા ચાલી પણ શકતા ન હતા મધુમેહ હતો, એટલે ટૉંકરને ખાટ આવાની ના પાડેલી પણ ચુવાને શીખટ વગર તો આવે જ કયા? એટલે ટૉંકરતનું કહ્યું કોઈ વિઘ્ન માનતા જ નહિ જમવા બેઠા હોય ત્યારે 'મને ટાયાબીટીસ થયો છે' એમ કહેતા જાય અને શીખટ કઢાવતા જાય, એટલે જોનારને હસવું આવ્યા વગર ન રહેતું એક વખતે સારી અઢોનો એમને ત્યાં જમવા ગઈ હતી ત્યારે એમને કહે, 'હું તો ઘરેરો થું અને એમા વળી ટાયાબિટિક તમે તો જાણતા જ પણ આજે ભેટ્યો, તમે વધારે શીખટ ખાઓ છો ને હું!' આવું તો ઘણું કહી શકાય એવું છે પણ આ પરિચય કાંઈ મારા સ્મરણો આપવા માટે લખવા બેઠો નથી, એટલે આટલેથી સમાધાન માનવું પડશે (અનુસ્વાન પૃ ૧૫૬)

પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૩]



સજનના તારાના ૩૫૦માંથી કરીને પૂરું નવું અધારણ ઘડ થયા બાદ, આજથી બસો કરોડ વર્ષ ઉપર તેના પર પહેલવહેલી જીવસૃષ્ટિ પ્રકટી ત્યારથી માંડીને તેનો વિકાસ કમશઃ ઉત્તરોત્તર જ રૂપમાં થતો આવ્યો છે તેના કમવાર જુદા જુદા યુગ વૈજ્ઞાનિકોએ પાડ્યા છે જ્યાં લગભગ આપણે તેના 'હોલોસિફિક્સ' યુગ સુધી આવી પહોંચ્યા, કે આજથી બેક કરોડ ને ત્રીસ લાખ વરસ પર થઈ ગયો. તે પછી પચાસ લાખ વરસનો ગાળો નીચ્યા બાદ, એટલે આજથી બેકી લાખ વર્ષ પર, પૃથ્વી પરના છેલ્લા વિનાશ પામતાં પામતા જે દક્ષણે પહોંચ્યા હતા તેનો પરિચય આ પટનેનુ ચિત્ર આપે છે વૈજ્ઞાનિકોએ એને 'પર્મિયન યુગ' કહ્યો છે આ યુગના બહુ રસપ્રદ અવશેષો બની ગયા તો એ કે સમસ્ત પૃથ્વી પર પહેલવહેલો નકર જમીનનો કટય થયો પૃથ્વીનો એ વિભાગ તે આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના પ્રદેશો એ મહાન ખંડો તે ઉદીયમાન ધરિણીના પ્રથમ પુત્રો આ યુગનો બીજો રસપ્રદ બનાવ તે એ કે આજ સુધીનાં કરતાં જે જમીન અને પાણી બંનેમાં વસી રહે તેવા હતા તે વર્ષે ધીમે ધીમે 'ઈપાર્ઝ'-જમીન ઉપર પેટે ચાલનારા પ્રાણીઓનુ રૂપ લેતા ગયા. પર્મિયન યુગના આ રૂપાંતરણ, હતા તો માત્ર ગોદાક્ષ કૂદના કરતા, પણ તે જમીન પરની જીવસૃષ્ટિના આદિ નવતા હતા એ હકીકત નોંધપાત્ર છે કેટલાક તો ગરોળી જેવા જ હતા, પણ કેટલાકની પીઠ પર કરવતના જેવા કાંટાવાળી ફલ્લી આખી કરોડ ઉપર ઢળી આછલા જે આજ સુધીના યુગોના વધુમાં વધુ જીવતો પ્રાણી ગણાતા, તેનો નંબર હવે ઊતરવા લાગ્યો એટે તેમના રૂપળવારણમા ફેર થયો, અને પર્મિયન યુગની આછલી પહેલવહેલી આવના જેવી સરખા ધારની પૃથ્વી પરાવની થઈ (જુઓ, પટનેનુ ચિત્ર) આ યુગનો બીજો અગત્યનો બનાવ તે કળવાળા જીવનું પ્રાકટય કર્યું-હરસરજ—તો કોણ તો એ વેળા રાક્ષસી કદના ઘણો જરાજહારના કાલના જ હતાં, પણ હવે એક એવાં જાનવરો નવી ઉત્પત્તિ થઈ કે જેના પર ઝાકુ આકારના કળ એવના હાલ્યા. આમ, પર્મિયન યુગમા પૃથ્વીના ઇતિહાસનુ પ્રાકમિક પ્રકરણ પૂરું થયું અને નેતા જીવનનો નવો અધ્યાય શરૂ થયો. એનો પરિચય આવતા અંકથી (COURTESY : WORLD OF WONDER)

પાપ અને પુણ્ય

બાની ધર્મશ્રદ્ધામાં મને અત્યંત શ્રદ્ધા હતી મને લાગતું કે બાના લોહીમાં જ એ વસેલી છે. પણ મોટાભાઈએ એ ધર્મશ્રદ્ધા પ્રત્યે એક પ્રકારનો અણગમો સેવ્યો હતો. કદિક હું મોટાભાઈને તેમની એ સૂત્ર ફરી કરવા આગ્રહ પણ કરતો કે 'બાની આ ધર્મશ્રદ્ધામાં અનાસ્થાના આધાતનું મૂલ્ય એ જ મહાપાપ છે' મોટાભાઈ પછી કશું બોલતા નહિ, એથી મને મારા વાક્યનો વિજય જણાતો.

એક દિવસ અમે બન્ને ભાઈઓ જમવા બેઠા.બા રોટલીનો ચોકડો થાળીમા મૂકીને અગાને પીરસવા રસોડામાંથી બહાર આવ્યા પણ ત્યાં તો 'રામરોટી . . .' કહેતો રામરોટીવાળો ચાલીમા આવીને ઊભો. રોટલી-ની થાળીને જમીન પર એકદમ મૂકતા બા રોટલા પાછા રસોડામાં, અને ત્યાથી બાજરાનો એક રોટલો લઈ બહાર નીકળ્યા રામરોટીવાળાને તેઓએ પાછીજ આપીને એમને બેબાજીઓને તેમણે પીરસ્યુ

'આને તું ધર્માત્મા કહે છે ને? ઘેટાબકરાને પીરસ્યા સિવાય રોટલ દીધી રામરોટીવાળા બાળી પીરસીને જમવા બેઠા તો શું બગડી જવાનુ હતુ?' મોટાભાઈને મેં કશો જવાબ આપ્યો નહિ કૂતરા માટે રોટલા ઊપરાઘવા આવતો ઉઘરે 'રામરોટી . . .' એમ ટેર નાખતો અમે બધા એને રામરોટીવાળો કહેતા

મોટાભાઈની ગેરહાજરીમા એક દિવસ મેં બા ન દેખે એમ બદાર ગલીમા ઊભા રહેલા રામરોટીવાળાને ચાલી જવા ઇશારો કર્યું. પણ બાની નજર બહાર તે રહ્યુ નહિ બાએ એ ચાલ્યા જતા રામરોટીવાળાને પાછો બોલાવ્યો; અને 'કે, બા, ધરમનુ કામ છે, એમા તે શરમાવાનું હોય? કહ્યુ હામના હોઈએ તો તારે અગને બોલાવીને પણ રોટલો ગાળી લેવો કૂતરાના મોટે રોટલો જાય છે ને! કયા કોઈ બીજાને આપી દેવા છે!' કહી તેની ટોપલીમા રોટલો નાખ્યો.

'બા, મને પીરસીને ગઈ હોત તો શુ બગડી જવાનુ હતુ?' મારા પ્રશ્નના જવાબમા પ્રથમ તો બા હસ્યા. ચોડીવાર પછી બળી તે ગયો બની ગયા ને મારી પાસે બેઠા અને નાના બાળકની જેમ હું તેમની ધર્મભાવનાને સમજવા પ્રયત્ન કરવા લાગ્યો બાએ ધીમે સાદે કહ્યુ ગાંડા, પહેલાં ધર્મનુ કામ, પછી બીજું બધુ મનખારેહ કરીકરીને નથી મળવાનો. એટલે જ્યારે કયું તેટલુ આપે ! પાપનો પોટલો તો રોજ બાંધવો જ છે ને! પુણ્યનો અવસર તો ક્યારેક જ આવે છે

અને બગાસા મોળાસા બા કઈ એકલા જ આવા નહોતા. પુણ્યના બાયા બાધવાનો કઈ બાનો જ ઈજારો નહોતો. આખા ઘરની બાજુમાં રહેતા સાઠ વર્ષના જીવી ડોશી યે લાકડીના ટેકે ધ્રૂજતા શરીરને ટેકવીને, આંખ પર હાથની છાજલી કરી, 'લે, બા, બટકુક રોટલો પડ્યો છે તે લેતા જ, કદી સૂકો, ટાટો, ઝાંકોરેલો કે બળેલો રોટલો રામરોટીવાળાને આપતા,અને 'ગનખારેહ કયા ફરી-ફરીને મળવાનો છે તે આવા ધરમના કામમા ઢીલ કરીએ' એમ ગણગણતાં ગણગણતાં, જગતની મોહમાયાબરી બળબાજી મુક્તિ અપાવવી અને ભવજાગને પાર કરવામા રોટીરૂપ બનતી આવી સુબગ તનેા પોતે પૂરેપૂરા ભાન હીવા છે એવા ભાનસહિત એક લાંબા શ્વાસ લેતા એ જીવી ડોશીનાં જેવા જ રખા ડોશા પણ ધર્મ-શ્રધ્ધાણ અને મોક્ષને ઈચ્છતાંતાં હતા જીવી ડોશીને મળેલા પુણ્ય અવસરથી પોતે વચિત નથી રહી ગયા એનું બાન તે એક સખાદાયા કસાવી લેતા એ જ જીવીડોશીને ઢઢેરાને, ડાબે સાદે—ઢેઢ અમારા વેર એમના પુણ્ય કર્યાનું નહેરવાત સંભળાય એટલા સાદે—તે બોલતાં: 'જીવી, તે' તેા રાંટ સૂકો રોટલો આપ્યો! આપણને બા એવું ના આવડે; આપણે તો આ આપણા ભાણુમાંથી જ કડક એક રોટલો રામરોડીવાળાને આપ્યો ધરમનુ કામ છે ને, બા'

પણ આ બધા ધર્મશ્રદ્ધાળુઓના મુકુટરૂપ તો રેવાશંકર ગાંદા-રાજને જ ગણી શકાય. ધરજાર માણસની આર્થિકપ્રવાપ્રિસ્થિતિ કઈ પાર હોતો નથી અને એના પ્રકારો પણ અનેકાનેક હોય છે રેવા-શકર વરભેર હતા એમના વચનો જ એમની મુકરશ્રીઓનો ચિતાર રજૂ કરતા બાજરાનો રોટલો બાને તે આપતા,અને અત્યંત ગળગળા સાદે એ આર્તનાદને વહેતો મૂકતા 'બોન, હું હતી ત્યારે તો એના હાળથી જ એ રામરોટીવાળાને રોટલો આપતી હવે તેા જણો છને! આપણે રહ્યા નોકરિયાત માણસ! સૂર્ય ઊગે જ્યએ અને રાત પડે એ આથીએ! એમા કયા રામરોટીવાળાનો બેટો થાય અને આ ગામડુ આછુ છે કે કૂતરાને બોલાવીબી ઓટલે કૂતરુ આવીને હાજર થાય? તમે આ રોટલો આપી દેજે આ પાપી આતમાના ભાગ્યમા ધર્મ આચરવાનો નહિ લખ્યો હોય; નહિ તો સવાર હાથે રોટલો નાખ-વાનું ન બને એવુ હોય?' તેમની આખમા આસુ ધ્વાની જતાં, સાદ ગળગળો થઈ જતો અને પોતાને પાપી આત્મા કહેવા લાગે, અગારા બધાંયે પોતે પુણ્યવાન આત્મા છે એવો ખુમારીભર્યો ભાવનરવગર તેમના મુખની વધની જ પ્રસન્નતામા તે છુપાવી શકતા નહોતા

અને એ નિયમિતપણે અમારે ઘેર બાજરાનો રોટલો આવી જતા. અને એ હોકો ઉકળ્યા જાણતા, પણ મારી ઊડુખલતાએ કારણે તેમને તેમના ધર્મ પ્રત્યે અનાદર સેવતો કરી મૂક્યા નહોતા એની રેવાશકરને ખબરોજતી, અને એથી જ એ 'બાદને વીહ મોરી વળગણા તો દેા; પછી ખબર પડશે કે પાપ અને પુણ્ય શુ? આત્યારે તો ફક્કડની જેમ ફરે છે; પણ પરકથા પછી ખબર પડશે કે ધરમના પરતાપ વિના કેમ ભવાય છે!' એવા વચનો ઉચ્ચારી, ભવિષ્યમા હું પણ તેમના જેવો ધર્મિષ્ઠ થવાનો છુ એવી આશાદી ભગવતા મને પણ તેમના વચનમા સત્ય છુપાએલુ લાગવા કારણ કે મોટાભાઈની જેમ તેમના ધર્મવિરુદ્ધ પ્રત્યે ઈ ટીકા કરતો નહિ—ટીકા કરવાનું કશુ કારણ જડતુ નહિ

પણ એક દિવસ મને લાગ્યું કે એ મારી ભ્રમણા હતી. હું જિન-ગીમા ધર્મિષ્ઠ થવાનો જ નથી નહિ તો તો એ પ્રસગ બન્યોજ નહોત

વાત એમ હતી કે સાજનાતી હું ઑફિસેથી જરા વહેલો છૂટી ગયો એવામા રસ્તામા મારી ચોદે દૂર ચાલ્યા જતા રામરોટીવાળા પર મારી નજર પડી મને થયુ કે હમણુ તે મારી સામે જોશે અને મને 'બાબુ સા'બ' કહી તે સલામ ભરશે. પણ એમાનું કશું જ બન્યું નહિ ને તો તેણે મારી સામે જોયું, ન તો તેણે સલામ ભરી મને જોવા છતા ન જોવાનો ડોળ કરતો તે નીચું માથુ રાખી ચાલ્યા માંડ્યો મને થયુ કે તેની કઈ ધૂલના તે એમ કરતો હશે. પણ ત્યાં તો મારી દૃષ્ટિનેા રોટલાની ટોપલી પર પડી: ટોપલી ખાલી હતી

'બધા ધર્માત્માઓ શુ સાથે જ મૃત્યુ પામી ગયા?' મને પ્રશ્ન થયો. રોજ રોટલાથી ભરચક બનતી રામરોટીવાળાની ટોપલી આજે ખાલી કા?

હું આવીને બાની ઘરમાં પગ મૂકું છું ત્યાં તો લાકડીના હા-થાને ચારેચાર હાથ વડે જોરાનીચા કરી જમીન સાથે અફાતર્યા જીવી ડોશી, ઝીંકણીના તતાકા સાથે વાતના રસની તીવ્ર સુગંધ લેતાં રસોડાશી, ચરમાને વારેવારીએ ચાકથના આદોલ્યવરોધ સાથે

ગયાંનીયાં કરીને આપ્યો તથા મુખ પર ગુસ્સો, તિરસ્કાર, ધૃણા, દ્વેષ, નફરત એવા સર્વ પ્રકારના ભાવ ભાવોની નોંધને પ્રકટ કરતા રેવાશંકર મહારાજ, અને હર્ષક ઓઢું હાર્ષ કર્યાંઈ નથુ છ, એનું પ્રાયશ્ચિત્ત કર્યા સિવાય છૂટકો નથી, એવા ભાવની બહેરાત કરની લજ્જાભરી મુખાકૃતિને જોઈને પાસે બેઠી રાખતા બા,—સર્વને મે' એક ગહાન બર્યકરતાના ભાર તળે ચગદાતા જોયા

બધાંએ મારી સામે એકજ જેતે તેમની સામે એકજ ધડીભર શાંતિ! ધડીભર ગંભીર ભાવોની ભયંકરતા ' ધડીભર વળી આપોની અસંભવિક ઉપાટવાના! ધડીભર નાટકના ટેરવાનું કુતાવુ તો ધડીભર ઢોલનું ઢોમાના કટકટવુ આ બધુ શું હતુ, કોના પર હતુ, મને કાંઇ સમજવવુ નહિ.

પણ વિજયનો હર્ષ કોને નથી હોતો? વિજયની વાત કરવી મને નથી ગમતા ?

'મને તો પહેલેથી જ વહેમ આ વેલો કે કાળમા કંઈક ભણ છે!' રેવાશંકરે ચૂપકીદી તોડીને બોલવાનું ગરૂ કર્યું

'ઈ એ છાનુ રે બાપલા?' કાનોડીશીનો એ જૂર હતો

'મીંઢા તો ન હોય કે?'' રમાડોશીએ કોંકણાંમા તડાકો લીધો

'પણ આપણે કશી તપાસ કર્યા સિવાય જ એને રોજ રોટલા આપતા ગયા ' એ બાતુ વાજબ હતુ

'મને તો કાલે ખબર પડી રેવાશંકરે આગળ ચલાવ્યુ, 'બોલ્યા' નરોત્તમે મને કહ્યુ કે કાકા, મારી સગી આંખે મે એકુ ચારી જોઈ ઈ બાળી નાખું તો ઈ બોલતો હોંઉ તો ત્યારે મને કેની વાત પર વિશ્વાસ બેસે. બાકી નરોત્તમ પર મને બાગ વિશ્વાસ ન આવે ''

'બાકી મને ય, રેવામાકરભાઈ, સાચુ પુછોતો તો, પહેલેથી જ તો હાબાવતુ કે ઇવ, માન ના માન, પણ આ રામરોટીવાળાની વિકરવાળ ચ્હેક બધી દનવતની છાપ છે પણ આ તો આપણે ધરમી ઇવ, એટલે કોઈ ઇવને વિના તપાસે દુ ખી કરવા સાક નહિ એમ માનીને બોલ્યા નહિ.' ઇવડોશીએ સાચા ગાઢબનના મુખભાવ કળી જવાની પોતાની અનોખી રીતની સર્વને પિછાન કરાવી

પણ પેલી વાત ચહેલાઈ ગઈ સૌ પોતપોતાને ઘેર ગયા જતાતા જતાતા મે બાને પુછ્યું, બા, શું હતુ ? સાની વાત હતી ?

'રામરોટીવાળાની !'

'એનું શું છે?'

'જનમનો જાહો! ચોર નહિ તો!' આજ રેવાશંકરે બરાબર કબ્રો લીધો! પાપ કરે અને આપને ય પાપના ખાટામા નાખે!'

બાનો પુણ્યપ્રકોપ સાભળી જીકણા

'શુ કોઇના ઘરમાથી કઇ ચોરી કરી કે?'

'ચોરી કરે તો તો સારુ જ ને? તનને ય ઢબાવવા થાય કે ઘરમા એ ચીજ લાવ્યા જ નહોતા! લાવ્યા તે ખોવાઈ ગઇ!''

'ત્યારે તેણે કર્યું શું?'

'શું કર્યું? પાપના પોટલા એણે બાળ્યા, બેના આપને ય બધાવ્યા!' પાપના પોટલાના ભાર તળે બાનો આત્મા તો કાણુ બાજે પણ તેમનો ભાર તો કબાઈ ગયો હતો એમા મને શંકા રહી નહિ

કૃતજ્ઞતાં માટે રોટલા એના કરે છે, ક્યા પ્રકારક મઠળ તરફથી એના બદલામા તે મહિને દહાડે વળ રૂપિયા પગાર રે છે, છતા બત ચોરની, તે લબ્ધબુ વય? ઇ તો ચોરી પકડાઈ ગઇ ત્યારે ખબર પડી કે ગમરોટીવાળો ય મૂબા બધર્મી હોય છે '

મને હજી એ મહાન ચોરનો મહા બધર્મ સમજાયો નહોતો.

'નરોત્તમે રેવાશકરને વાત કરી. કાકા, હુ હાલ્યો આવતો'તો ઓફિસમાથી રસ્તામા મનને થુ કે લાવ જરા બનીયામા વધાર મારી આવું જ્યાં બાકડા પર બેસવા બઈ હુ ત્યાં તો પાસેના ઝાડ નીચે રામરોટીવાળો બેઠેલો મને જરા થુ કે એનો તો કે શું કરે છે, બેઠમઠ બહીં બનીયામા. હું બાંકડા પર લપાઇને બેસવા માટ્યો ટાપશીગાથી કુણા માખણ જેવા રોટલા ચીપડીબીને તેલે પોતાના બોળામા લીધા મને થુ કે રોટલા ટાપલીમા આકાલ્યતા છે ને ઠીક કરતો હશે, ત્યા તો એણે માટ્યા બકલાવવા ! હુ તો બોલ જ રહ્યો ! કાકા, કુતરાના રોટલા બે બાઇ રહ્યો'તો ! મને મનમા બાઈ વટ થુ કે સાચાને બહીં જ બોખરો કરી દઉ !' બાની વાત હજી પૂરી નહોતી થઇ, પણ વચ્ચે રમાડોશી ફેમ આવ્યા તે એવા બે ટાબા થયા.

'આપણે તો કુતરાને રોટલા પહેલે છેજ એમ લાબીએ,' બાતી જ કનસલટેશના ફેમ ડોશીએ વાતોયલાદને ચાલુ કર્યો 'પણ વચ્ચમા જ બે બાઇ રે ! આપણે બકરુ રોટલાનુ આપીને આપણે કક્કર પુણ્ય પામીએ ત્યા તો રામરોટીવાળો જ રોગો બાઈ બધ અને આપણને પુણ્યને બદલે પાપના ખાટામા નાખે !

'પણ રેવાકરને શુ ક્રોધ, મૂર્ખ, ખબર છ?' હસેલા જરી ડોશી આવ્યા, 'ઇ કે રોટલો ચૂવામા બાળી નાખવો બહેતર, પણ બને બાનો હરામ!'

'ને મૈય કયાં બાકો બાખ્યો છે? રમાડોશી બોલ્યાં

'મૈય ન નથી બાખ્યો '' બાનો બવાજ હતો.

'તો જ એ બધર્મમાંથી બચશે' એ રેવાશંકરનો બવાજ હતો.

અને પછી તો વાળુપ્રસાદ બબ્બલિત ચહેવા લાગ્યો પણ હુ ઉભો થઇ ગયો મારા ચિત્તની બ્વસ્થતા બબ્બવસ્થતામા ફેરવાઇ ગઇ હતી એના નરોત્તમને હતો પેલો રામરોટીવાળો—કે એક ભયકર મોર તરીકે સાબિત થઈ ચૂક્યો હતો, એનો પોતાની ભૂખ સંતોષવા માટે કુતરાના રોટલા માથી રોટલા બાદને એક ગહાન પાતક વહોરી લીધુ હતુ, એને આ પુણ્યવાન આત્માઓના પુણ્યધનને કાર્યને પાતકના ગહાન ગર્તમા ગબડાવી દીધુ હતુ !

અને એ અનાથ હતો, ગરીબ હતો, બગીચાના ભોકટા ગર્ત એના છત્યર્થને બનતા, બગીચાના વૃક્ષો વીત્યાપુબ્યા રૂપ હતા, એ વાતની મને અને આ અજાણ્ય આત્માઓને ખબર હોવા છતા એ ચોર હતો, ગપરાબી હતો, પાપી હતો રોટલા કુતરાને બાવાના હતા, ગામજનને નહિ, એનુ એને જ્ઞાન નહોતુ એથી એ બજ્ઞાન પણ લેખાઇ નથી

પણ હવે એના પાપી બકલાવાથી આમારે માથે બાબડાતો નહોતો—તેની ભગરૂર નહોતી કે આમારા માળામા તે બબ હજ ગો સત્યમ્

વડોદરા સાહિત્ય સભા તરફની 'સર મનુભાઈ દીનાની નિબંધ' હરીફાઈ

'વિગ્રહ પછીની આર્થિક પુનર્ઘટના' એ વિષય ઉપર, ગુજરાતી ભાષામા ફુલ્સ્કેપના ૩૫ થી ૧૦૦ પાનાંનો નિબધ, ગુજરાતી ભણનાર કોઈ પણ બક્તિ લખી મોકલી શકશે. મુદત ડિસેમ્બર ૧૯૪૩ સુધી, ઈનામ- રોકડા રૂપિયા ૧૦૦) નિબધ નીચે માત્ર તખલ્લુસ કે બેકત લખી. પડે નામ સરનામુ જુદા કવરમા મોકલવુ વિગતવાર ગરનો મગાવવા માટે તથા નિબધ મોકલવા માટે સરનામુ:

શ્રી મૂળગાકર ચી બનેી, મત્રી, સાહિત્યસભા, દયાળભાઇનો બાગો, પૅલેસ રોડ, વડોદરા

કચ્છનાં કીર્તિમંદિરો

આપણા પ્રાંતના એ ઓછા ઓળખાએલા અંગની સાંસ્કૃતિક સમૃદ્ધિનો પરિચય આપતી લેખમાળાનો આરંભ હપતો


[૩] કંથકોટ

લેખક

રામસિંહજી કા. રાઠોડ

બી. ઈ. આર.


કંથકોટ તથા તેની આજુબાજુના પ્રદેશનો લેખકે દેરેલો નકશો



પોપની સુદ સાતમનો દિવસ હતો અમે ભચાઉથી સવારે નીકળ્યા ત્યારે ઠંડી ન હતી પણ મેદાનનો આછા ધૂળી વાગડા પહોંચ્યા ત્યાં તો આકીનું તોફાન ચડી આવ્યું અને ઊંટા ટોરાં પણ પડી ગયા અને પછી તો ઠાઠે પોતાનું કામ શરૂ કર્યું. અમારી સાથેના એક બુઢ્ઢાને તો ગોદાંવાળી ઊંટ ઉપર બેસવું પડયું. વાગડાથી કંથકોટ બહુ આઘું તો નથી, પણ રસ્તો ડુંગરાળ અને વિકટ હોઇ અમારી ખરી કચ્છાળભરી મુસાફરી અહીંથી શરૂ થઈ અને કંથકોટથી થોડે દૂર રહ્યા ત્યારે તો થાકીને લોથ થએલા, અને બપોર પણ થવા આવ્યા હોઇ ભૂખ પણ કકડીને લાગેલી હવે આકાશ સ્વચ્છ થઈ એમા માત્ર વાદળાની આછી રેંચ્ત લહરીઓ રહી હતી એ છાસિયું ગાસમાન કલ્પનામા અનન્ત ઊંડો એવો છાંગનો કટોરો જણાયો; અને બબૂરીના એક જ લાળા વૃક્ષની પાંદે પૂર્ણાકારમાં ઊંચે ગાળો દેખાતો અર્ધ ચંદ્ર ગારા સાથી-ઓને બાજરાના ટાઢા રોટલાના અડધા કટકા કે કુબળીની પાળ જેવા દેખાયા! પણ કલ્પના કાંઇ બીહુ જ કલ્પદ્રુમ બની પેટની ભૂખ ચાટાડે છે? આમ, કલ્પનાસૃષ્ટિમા વિહરતા છેવટે અમે આખરથી બર્બાર્યા હરિત અને મનોહર દેખાતા ઉતરવાવ વાળા વોકળામા પ્રવેશ્યા. થાક અને ભૂખથી વિહ્વળ થઇ ગએલું રાત અદીના સૃષ્ટિસૌંદર્યમા પ્રવૃત્ત થયુ અને આખરની છાયા તળે અમે પલારાપત્રના પ્યાલામા વોકળાની વાચ માહેના કન્યાળાનુ શીતળ જળ પી વિશિષ્ટ પ્રકારની સાતા અનુભવી. પછી તો તરત ગિરિદુર્ગ કંથકોટની તળેટીએ છપરીમા આની લાગ્યા. કયાદુર્ગ પર પહોંચવાની ઉત્સુકતાએ અમે અલ્પાહાર ઝટપટ પતાવી ઉપર જવા તલપાપડ થઈ રહ્યા.

છપરીમા મુખ્ય વસતિ ઓડની અને ધણારોની છે. ઘોટા ઘર સંધાર અને મણકાના છે, અને એક ઘર કાઠીનુ છે જે તેમના નજીકથી વિખુટ પડતા અહીં સભવિ ઇરવામી બની હજુ યે કાઠી-ના સ્પર્સસંસ્કાર જાળવી રહ્યુ છે આમારા ઝોટ-ચોટાને નીચે છપરીમા મૂકી ત્યાંથી સાથેની કેડી પર થઈ ટૂંકા માર્ગે સીધા કંથકોટ પર પગે પહોંચવાનું એ યોગ્ય લાગ્યુ. એ સાંકડી, અતિ સીધા ચઢાણવાળી કેડીના શરૂને, તેમા પગથિયાં જેવા થઇ રહેલા તેના ઘસ પર, એક પછી એક એમ અકેક પગ મૂકવા વારાફરતી અકેક જણ જ જઈ શકે છે. કથકોટના ડુંગરના એ ૪૬૨ ફૂટનો ચઢાવ ચઢીને ઉપર પહોંચતાં ત્યાંથી જે વિહંગદૃશ્ય જોવા મળ્યું તેથી લાગેલા થાકની અસરનુ ભાન ન રહ્યું આગરી સાથે બેાગિયા તરીકે આવેલા ભીલને તો સીધા સપાટ મેદાન-મા ચાલતા સામાન્ય માણસને લાને તેટલી આસર પણ આહીં ટેકાને પહોંચવી આવતા નહોતી લાગી.

આહીં ઊભે કિલ્લાની અભ્યતા અનુભવતા અગને કોની સ્થળપર્સંગની મહત્તા સમજાઇ. નીચલી શ્રેણિના મધ્યયુગી પરા, (Lower jurrasic) ના બનેલા, સમયસર ટોચવાળા કથકોટનો ડુગર તેમજ તૃણ જળા અને ઠાઠારાશી છવાએલા આજુબાજુના ઊંચાનીચા ડુંગરો અને ને વચ્ચેની ખાડુપ તથા હરિયાળી ખીણો જોતા, સર્વે ડુંગોમા શ્રેષ્ઠ એવા કથકોટની



ડાબી બાજુનું દૃશ્યદેવતા પ્રાચીન જૈન મંદિરના અવિશેષોનો પનારી-નકશો (આઠ-૬ ફ્રેમ); ઉપર એ મંદિરમાંના શિલાલેખની નકલ

ડાબી બાજુનું દૃશ્યદેવતા પ્રાચીન જૈન મંદિરના અવિશેષોનો પનારી-નકશો (આઠ-૬ ફ્રેમ);
ઉપર એ મંદિરમાંના શિલાલેખની નકલ

ઉપકોટના પ્રાચીન જૈન દેરાસરના અવિશેષોનો પનારી-નકશો

—Gકિ—

- ■ મોજૂદ પ્રકારના બાંધકામ
- □□ ઓથાર રેખાઓ
- ■■ જે ઊંચાઈએ ઉપર ચિનાઈ છે
- C મંદિરનો ગભારો અને તેના ત્રણ દ્વારો અને ઉપરનું ઘુમ્મટ

ઉપકોટ ઉપર ચિનાઈના અવશેષો ધરાવતો જૈન મંદિરનો ઘુમ્મટ

દિલ્હી તરીકેની વિશિષ્યતાનું જ્યાંથી વાસ્તવિક લાગે છે ? દુનિયાની વચ્ચે જઈ દુનરાળ માર્ગ કરોડોટ સુધી પહોંચવું જેમ વિકટ છે, તેમ કરોડોના સીધા સટ દીવાલ જેવા ભાગો જોવા બની રહેતા ચટાવો અતિ દુર્ગમ છે એવા સીધા ચટાવ પર આવી રહેલી, કરોડોના દુગરની ટોચની ગોળ બાહ્યના પેરાવાની સમતલ સપાટી ઉપર, ઠાળા મોટા પત્થરોથી દિલ્હાની દીવાલ ચણેલી છે પણ હવે તો એ બાજુનિ કઈ બચે ખરખે બચ્યું જ છે બીજે ક્યાંકક્યાક નાના દુળીઆંઓથી ઝાંખીઝાંદર થયેલા ભાગો પણ છે એ દિલ્હાની રાજે રાજે કરીને નીચેનું આકર્ષક લાગતું દૃશ્ય નિહાળતા અમે દિલ્હાના સિદ્ધદ્વાર તરફ આવ્યા

આ સિદ્ધદ્વાર પાસે કરોડોના દિલ્હાને સાચો ખ્યાલ આવે છે બાકીના ભાગો જે તાદૃષ્ટ સાલ છે તે જોતા ત્યાની આબાદીનો આછો ચિતાર નજરે ચમરા તરી રહે છે દુગરના દેળાવના સીધા ચટાવો અને દિલ્હાની દીવાલને ઓળીરીતે ચોજવામા આવ્યા છે કે દરવાજાને કુત્રિમ રક્ષણ મળે છે દિલ્હામા કાયમ રહેવાનો આ એક જ મુખ્ય પ્રવેશમાર્ગ છે એ માર્ગ દુગરોમા અટવાતો અને કુશ્કોનાઓ ચટતોટોતન્નો એવા રીતે સપોકારે આવે છે કે અલબ્ધયા તો ત્યા આડે માર્ગ ચડી જાય અને આ પ્રવેશદ્વાર પણ એવી રીતે ગોકવાઇ રહેલું છે કે દુગ્મી તો બંને સરખી દીવાલ જ દેખાય દરવાજા પાસે પ્રવેશ માટે દુગરનો એવો વળાંક અને ચટાવ યોજવોએ છે કે દુશ્મનને લશ્કરનો એકસામટો ધસારા ન આવી શકે. દિલ્હાને વધુ રક્ષણ આપવા તેની બાંતરકુ ત્યાં જરૂરી લાગી ત્યા પરિખા પણ બનાવેલી દેખાય છે, કે અત્યારે તો પુરાઇ ગએલી હાલતમા જોવામા આવે છે દરવાજાની બાજુનુ બુરજોની દીવાલમાના કાળા પત્થરોની શિલાઓ પર મોટા સીંગ-ગમલા-કે. ધ—મ મ —વધટ—દાદા વગેરે અક્ષરો કોરાએલા જોવામા આવે છે એ કોતેલા ત્યાના કારીગરોના હુંકા નામોકરો હોય અગર ઉદ્ગામને બેનૂબંધ બાધના જેમ ઠેક પત્થર પર રામ લખેલ એવા કોઈ ભાવનાથી દયદનાને દાદા કહેતા તેથી તેમ કોરેલુ હોય

૧ રાજવલ્લભ અ-ધ્યાય ૪થો

भूदुर्गं जलदुर्गमद्रिविषये दुर्गं सर्वत्रदुर्गे
तेषामुत्तममद्रिदुर्गमुचितं तद्वैरिणां दुर्गमम् ॥

અગિરિદુર્ગ, જળદુર્ગ, ગિરિદુર્ગ અને બધદુર્ગ એ ચાર પ્રકારના કિલ્લાઓમા નીચે જે પર્વતના મસ્તક ઉપર હોય તે સર્વ કિલ્લાઓથી એક છે

અંદર સીધુ ઉતારીને આ પત્થરોના સાધા ચણેલા એસારેલા છે તે, તથા અહીં દ્વાર પર અને બીજે નજારબાતુ, દોડી, મેડી, ગરખા, ગોખ અને દ્વારપાલની બેઠક વગેરે આવેલા છે તેના અવિશેષો અદ્યાપિ પડેલાના વૈભવ, કારીગરી અને હસ્તકરી દીલચાસીના ગવાહ બનીને રહે છે


દરવાજામાંથી પ્રવેશીને અંદરના ઊંડાણમાં વધું ચોરે ફર જતા ઉપરની સપાટીએ પહોંચાય છે આ માર્ગની પશ્ચિમે ૧૭૦૦-૧૭૫૦ વર્ષોરે ચાલેલા કેટલાક વિવિધ પ્રકારના પાળિયા છે તેમા ઢાંકિયા પાળિયાના નામથી ઓળખિતા ઝાંખીયા એક પાળિયો છે, કે અદ્ભૂત યુદ્ધના કામ આવેલ વીરપુરુષને હોવાનુ જણાય છે આ પાળિયાઓની સામે ગોયા મોટા ટેકરા જેવા થઇ ગએલા દેખાતા પત્થાર પર આવેલુ જિન મંદિર આપણું લક્ષ ખેંચી પહેલું જાય છે. એવડા મટપના આ મંદિરને બનાવતો તો અર્ધ પડેલી સ્થિતિમાં છે, અને મટપની છતના ઘણુખરા ઘુમ્મટો અને કેટલાક સ્થંભો પણ પડી ગએલા છે કાર્યરત હાલતના છે આ મંદિરની થસાદિ ગએલી અને અત્યંત શિલ્પસમૃદ્ધિના પણ આપણને કુત્રિમ કૃતિની કારીગરી, આવેજાવર્યા ભાવોની જમાવટ અને કલ્પ પત્થરોના પણ કે કામોના તે લાવણ્ય અને વખાનના કારીગરો કલામા અને અન્ય શિલ્પોમા જોવા તથા ઘુમ્મટોની છતમા શિલ્પના ખવાઈ ગએલા પણ અકડા નમુના મળી આવેલ આ દેરાસરમા તદ્દન અડધુટ એવા પાયેક શિલાલેખોના લગભગ ધબ્બાં અનેક જેવા અને બિલકુલ અસ્પષ્ટ અવશેષો એવા ભર્યે તે તેમાથી મટપના એક સ્તંભ પર સં ૧૩૪૦નો લેખ છે અને તેમાં આમદેવનામ કુળ લાખુ તથા પાસીલે તે બંધાવ્યું એમ લખે છે બીજે એક સ્તંભ પર સ ૧૩૭૪ના આવણ સુદિ ૫ ગોમવાર જાતિ શ્રીમાળી" એટલું છે છે પરથી સિદ્ધ થાય છે કે ભદ્રેશ્વરમા થઇ ગએલા જગદુ અને હમ્મીરના આ મહાવીર મંદિર બધાવનાર જૈનો એક જ શ્રીમાલકુળના હતા હમ્મીરના આ મંદિરમા જગદુચરિતમા લલ્લેખ નથી, એ હવે એ ગ્રંથ તૈયાર થયા બાદ અને પત્નરોતેરા દુગળ પછી સ. ૧૩૮૦ લગભગ એ બંધાયાનું કરે છે.

આ જિનમંદિરના પડથાર પર ઊભેલીએ, અંધકારનો નાશ કરી જગતનું રક્ષણ કરતા અને પરમ સુખોની વૃદ્ધિ પમાડતા મહા તેજસ્વી પ્રતાપવાન ભગવાન સૂર્યનારાયણનુ મંદિર તદ્દન ખાલી ખ્યાન દેરાય છે એ સૂર્યમંદિરનુ સ્થાપત્ય પણ સાદુ છતા આકર્ષક દેખાવ

ર ત્ર ત્ય ત્ર ત્ર ત્ય ત્ર ત્ર ત્ય ત્

નરભક્ષી સિંહ્યા!

લેફ્ટેનન્ટ કર્નલ જે. એચ. પૅટર્સનના અંગ્રેજી પુસ્તક
'ધ મૅન ઇટર્સ ઑફ તસાવો' પરથી રૂપાંતર કરનાર
હરિનારાયણ આચાર્ય



આ વર્ણનમાં આવતા બંને સિંહના અવશેષો સિકાગો મ્યુઝિયમમાં મૂકીને મોરવેલા છે, તેના ફોટોગ્રાફ ઉપરથી ઉતારેલું આફ્રેખ

[મોરા ગામો ઘણીવખત દોડ્યો કપરાત માણસોને ફાડી ખાનાર, ત્યારબાદ એ નરભક્ષી સિંહોને લગતી બે કર્નલ પૅટર્સનની આ પ્રસાદ કથા, જગતના સાહસ ખેડિયામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે આફ્રિકામા રેલવેના ઇજનેરી બાધકામ દરમ્યાન અચાનક બંને અત્યંત ભુરિ ગાળી, ખતરાક, બળવંત માણસભક્ષક વિકરાળ સિંહોનો સામનો કરવો પડ્યો. એ પ્રસંગે એણે એકલે હાથે અનેક પ્રકારની મુશ્કેલીઓ, પ્રલોભ ને યુક્તિઓ કરી જે પ્રેમળ ને અવિશ્રાંત પુરુષાર્થ કર્યો તેની રોમાંચક હકીકત પાકકા હપતાઓમા આવી ગઈ છે તેમને રજુ કરવાના માટે ઉપરી કરેલી તરજુમાને તે નકામી કરી મૂક્યા, તેમને માટે ઊભા કરેલા કાલ્પનામાથી યે દા ચતાળી આપી છટકી જતા અને કેટલીક વાર તો સામે મોઢે કરેલા ગોળીબારોમાથી પણ બાળબાર બચી જતા, આવા, ભલા નરભક્ષકોની આગાળી નાખે એવા બે વિકાયોની ૨ વર્ષ છવટે અંતથી તો વધી પડી કે એ આખો પ્રદેશ તેમના ત્રાસથી થરથરી ઊઠ્યો, રેલવેનું કામ કરનારા બધા મજૂરો હિજરત કરી નાસી ગયા અને લોકો તેમને કોઈ અકમ્ય અવતાર માનવા લાગ્યા' હતા આવી સ્થિતિમા એકલા પડી ગએલા પૅટર્સને કેવામાત્ર હિંમત ન હારતા છેવટ એમનો કેવી રીતે નાશ કર્યો તેની રોમાંચક હકીકત આ અકમા પૂરી થાય છ]

૧૨ બીજા સિંહનો સામનો

પણ એ વાની એમના કે આ સિંહના મરવાથી ત્યાંથોમા અત્યારી મુશ્કીબનોનો અત આવ્યો હતો મારણહાલુ એનો સાથી તો છવતોલતો છૂટ્યા હતો અને યોદ્યા જ દિવસમા અમને આબુબ્ધ-તીરીને એ વાતનુ ભાન કરાવવા પણ લાગ્યો. પહેલા સિંહને મારીને ગોઠી જ રાતો નહિદરો ત્યા તો એના જે સાથીએ પી ડબ્લ્યુ ઇન્ગ્રેહેડ-ના બગલાના પગમિયા ચટીને,ઓસરીમા આવ્યા મારતા મારતા, ઘરની બિનેજ પહડવાનો પ્રયત્ન કર્યો એના જુના નુના કરવાનો અવાજ આજાળીને, કોઇ વાસણ્ડિયો ઢાર થઇને આવ્યો હશે એમ સમજી ઇન્ગ્રેહેડરે બૂમ મારી કે 'આન, નીકળ અહીંથી' પણ એના સહ બાર્યે અહાર આવવાની કે આરણુ કાઢવાની તકલિફ લીધી નહિ આમ, બાણસનુ ત્રાસ હાથ કરવામા નિષ્ફળ જતા સિંહે ઈન્ગ્રેહેડરના એવણુ બકરા ઝડપી લીધા અને ત્યા ને ત્યા જ ચટાવી ગયો

આ બનાવની બણ થતા જ, બીજી રાતે સિંહની રાહ જોઇને ઈન્ગ્રેહેડરના બંગલા નજીક જ બેસવાનો મેં નિશ્ચય કર્યો નસીબજોગે એની અડોઅડ જ, અઢારથી બઢક હોડી સલાય એની બૉટમા આરોરા-વાળી પતરાની એક ઓરડી હતી સિંહને વધ્યાવવા એના આગાડામા આસરે છમણુ વજનના રેવના ટુકડા સાથે ત્રણ મોટા બકરાં બાધી રાખ્યા હતાં પહેરિયા સુધી તો કશું જ બન્યુ નહિ, પણ આખરે સિંહ આની પહોચ્યો અને એક બકરા ઉપર તરાપ મારીને, બે એના બે સાથીઓ અને એકા રેલ-એ બધુ જ વધતો ઘઈ આવતો થયો! એની તરફ બકરા તો મેં ફેરવ્યા જ ન્યાં, પણ ફતનાં નાદ અકરાતને લીધે કશુ ય દેખાવા ન હતુ આમ, સિહને તો નહિ પણ એક બકરાને મારવામા જ સફળ થયો! આને વખતે ઠોંચ લાઈની ખરિવાર અને ખૂબ જણાતી

સવાર પડતા વેંત જ સિહની પાછળ જવા નીકળ્યો ઝાપ-માંથી બીજા કેટલાક પણ મારી સાથે થયા રેલ સાથે બકરા લઇ જવા પહેલા રસ્તે ગહેરાઈથી અનુસરી શકાય પાએક માઇલ ગયા હોઇશું ત્યા સિંહ બોલનગા ચુથીયા હોવો તે ઠબે અમે જઇ પહોચ્યા અમને આવતા સાભળીને એ, અમારાની આડમાથી કોમાસ્થિતિને પૂરતા ન્યાળ્યા, પણ જરા વધારે નજદીક જયા કે ખાવાનુ પડતુ મૂકીને એણે ઝાપરાંમાથી રસ્તો ફરી ખૂબ વેગથી દોડતા દોડતા અમારા ઉપર હુમલો કર્યો એકજ પળમાં મારી સાથેના એકેએક માણસ જ્યા કાબુ ત્યા ગાડ ઉપર ચડી બરાબર ગોઠવાઇ ગયા ઝાડ ઉપર ચડી જવાનું તરીકે પાકુ ફાવતું ન મારો ગોઠવાઇ ગહનીસમિ વિકરાળ પણ સિંહ ઠેઠ સુધી બસી આવ્યો નહિ અને જે જણા વચ્ચે એ બરાબ ગોઠવા હતા ત્યા પથરા કે ડાળ, ત્યાની નિ સ્તબ્ધતા ઉપરથી સિંહ આગ ઠર દેખાઈને સાવધાન રહેવા જેવા ક્રોધ એમ લાગ્યુ અમે પણ ફરીથી આવધાનપણે મેતી પાકળ પાકળ ચાલ્યા અને પેલા બળા મારે પહોચવાના જ નાખરી ખાતરી થઇ કે એ બકરા આખા ચાઓ ઝાડ ઉપરી રહને એ ખરેખર અમારા હાથમાથી છટકી ગયો છે

એના હમેશના સ્વભાવ પ્રમાણે અપર ઓલન પુર કરવા માટે સિંહ જરૂર એ ગયેલ પાછો આવશે, એની ખાતરીથી મેં, બાજા પડ્યા હતા તેની અડોઅડ ગોઠ ગાયરો બધાવ્યો, અને અધાર થતામા તો એના પર ચડી જોઇ આ વખતે પહેરેા ભરવાની સવખત સાર હું માતી

સાથે મારા બહુક ઉપાડનાર બોકર માહિતીને પણ લેતો આવ્યો હતો; કારણ સિંહની પાઠ એક બેસવાથી આઠલા દિવસના ઉજાગરાના થાકને લીધે હું વહેલ નબળો પડી ગયો હતો.

• માચડા પર કરી ઠામ થઈ જોવા હું ઊંઠો ખાવા માટે હુ, ત્યાં તો અચાનક કોઈ મારો હાથ પકડવ લાગ્યું અળાકીને ખેંચે છુ તો માહિતીને બનરીવાળી ટિંગાવા આંગળી કરતો મેં જોયો 'શેર' એમ ધીમેથી બબુચારાયે ય બરો. તરત મેં મારી નજર ગોળી ભરેલી બેનાળી બંદુક હાથમા લીધી અને ધીરજથી રાહ જોવા લાગ્યો ઘોડીવારમા એ ધીરજનો બારો ગળ્યો. અને કે સ્થળે સિંહ દેખાય છે, એવું હુ ધારતો હતો ત્યાં નજર રાખતાં, ને રણળની આડીયા અડખાડાક થવા લાગ્યો અને સિંહને લપાતો છુપાતો આડી બહાર આવતો જોયો એ અગાડી બરોબર હેઠળ થઈને નીકળ્યો ગોળ જે એના બલામા બને નળીઓ લગભન સાથે જેવી જ ફોડી, અને ગોળી વાગતા જ મારી ખુશાલી વચ્ચે એને ગુડાટ ખાતા પડતો જોયો. પણ બેનાળી ફોડી મૂકીને છ બારની રાઇફલ હાથમા લઉ હુ ત્યાં તો છલગ મારી એ આડીયા ભરાઈ ગયો!


એની પાછળ ફાવે તેટલી ગોળીઓ મેં છોડી. જો કે મારી તો ખાતરી હતી કે એને વાગ્યુ તો છે જ એટલે અજવાળું થતા જ અમે એની પાછળ જવા નીકળ્યા એકાદ માઈલ સુધી તો લોહીની ધારેધારે જવાનું અઘરું ન હતુ નાસતાનાસતા એણે વચ્ચે કેટલીક વખત શ્વાસ ખાધા હતા એ ઉપરથી અને વિશ્વાસ પડ્યો કે બરફ એને કારમો ઘા થયો છે. છતા અને તેા મારો પ્રયત્ન સફળ ન થયો; કારણ ઘોડી વારમા લોહીના ટીપા અદશ્ય થઇ ગયા અને પત્થરિયા ભોય આવી, એટલે એના પગલાને અનુસરવાનુ અશક્ય બની ગયુ

આ અરસામા હિન્દુસ્તાનની સરકારી રેલવેઓનો માલ સલાહકાર સર ગિલ્બર્ટ વૉલ્સવર્ધ પરદેશખાતાની કચેરી તરફથી રેલવેઓની તપાસબી માટે નીકળેલા હતા તે સ્ટાવેાર્મા આવી પહેાચ્યા. અહીં ચાલતાં પૂલના અને બીજા બાધકામ તપાસીને એણે પેાતાનેા સંતેાષ વ્યક્ત કર્યો (આ વખતે એણે કેટલાક ફેરફારો પણ સૂચવ્યા હતા, જેમાંથી એકને અહીં પ્રસિદ્ધ કરવાની એણે ઉદારચિત્તે રજા આપી છે) નરભક્ષીઓના લીધે જે અનેક પ્રકારની હાડમારીઓ આપરે જોનપવી પડી હતી તે વિષે એણે ભારે દિલસોજી દર્શાવી અને એમાના એક સિંહના મારવાથી એને અપાર આનંદ થયો બાકી રહેલાને જલદી હણવાની મને ખાતરી છે કે કેમ, એમ એણે પૂછતા મેં જરા વધારે પડતા વિશ્વાસથી હા પાડી કે જરૂર, હુ એને અલ્પ સમયમા જ હણવાની ક્રમેક રાખુ છુ, તે સાબળાને એના પેા પર અળકી ઘડેલુ અર્ધવિશ્વાસનું સ્મિત આપ્યું પણ મારી નજરે તરે છે.

હવે એમ બન્યુ કે આ પછીના દસ દિવસ સુધી આમારા એ ગતુલ નામનિશાન પણ ન જણાયુ અને અમને ધીરેધીરે વિશ્વાસ બેસવા લાગ્યો કે ગોળીના ઘાને લીધે એ કોઈ ઝાડીમાં જ રામશરણ થઈ ગયો છે છતાં સાવચેતી તો અમે પ્રથમ જેવી જ રાખતા હતા અને એ ઠીક જ થયું; નહિ તેા સિંહના ભોગ થઈ પડેલા ઓની યાદીમા વળી એક વધુ બલિદાનનો ઉમેરો થયો હોત કારણ ત્રીજે બનની ૨૦મી તારીખે, મારી ડાબળીની પડખેના ઝાડમા ચૂર રહેલા મારા ડેકા-વાળાઓના 'સિંહ અમને પકડવા મથી રહ્યો છે' એવા કલ્પાણથી હું અરધી રાતે ઊંઘમાંથી ભનગી ઊઠ્યો આવે વખતે બહાર જવું એ કેવળ ગાંઠ પણ જ હતુ, કારણ આકાશમા નાદ વાદળાં પાછળ ચદ્રમા સંતાઈ જોેતા હતો. અને મારી આગળ એક વાર છેટની કે ઈ ચીજ જોવાનું અશક્ય હતુ એ દરમ્યાન મારાથી એટલુ બન્યુ કે સિંહને ભડકાવી નસાડવા ખાતર મેં થોડા ખાલી ભડાકા કર્યા. આની અસર પણ દેખીતીરીતે સારી થઈ, કારણ એ રાતે એણે ફરીથી કોઈ સ્થળે સંતાપાળી કરી નહિ તપાસ કરતા જણાયુ કે જે સ્થળેથી રાતે અમેા આની હતી ત્યા નરભક્ષી થોડેા વખત ભમી ગયો હતો, એ ઉપરાત એકેએક નળની અદર પણ ફરી આવ્યા હતો ઝાડના ફરતી તેા એનાં પગલાની હારમાળા જ પડી હતી.

૧૩ બીજા સિંહનો વિનાશ

